dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -08 | Issue- 129 | AD - 2025, Maha Sud - 15 | Wednesday, Dt.12-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### હાઇવે પર બે કલાકનું અંતર કાપવા માટે મુસાફરો દસ કલાકથી વધુ સમય હેરાન

# મહાકુંભમાં મહાજામ: યાત્રાળુઓ માટે જીવનજરૂરિયાતની વસ્તુઓની તંગી

**વાહનોનાં ભારે દબાણને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ**

(એચ.એસ.એલ),પ્રયાગરાજ,તા.૧૧

મહાકુંભ દરમિયાન સંગમમાં સ્નાન કરવા માટે શ્રદ્ધાની લહેર ઉભરી રહી છે. પ્રયાગરાજમાં, છેલ્લા પાંચ દિવસથી અનેક કિલોમીટર લાંબા ટ્રાફિક જામને કારણે સિસ્ટમ પડી ભાંગી હતી. હાઈવે પર બે કલાકનું અંતર દસ કલાકમાં કાપવામાં આવી રહ્યું છે. લાખો વાહનો જામમાં ફસાયેલા હોવાથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટીતંત્ર જામમાંથી રાહત આપવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું હોય તેવું લાગતું હતું. માલવાહક વાહનો શહેરમાં પ્રવેશી શકતા નથી.

હકીકતમાં, છેલ્લા ઘણા દિવસોથી, મહાકુંભમાં સ્નાન કરવા માટે ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. વાહનોના ભારે દબાણને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ. શહેર તરફ જતા દરેક રસ્તા પર ટ્રાફિક જામ હતો. ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે પોલીસે અનેક સ્થળોએ બેરિકેડ લગાવ્યા હતા. પરિસ્થિતિ ખરાબથી ખરાબ થતી ગઈ. છેલ્લા પાંચ દિવસથી, શ્રદ્ધાળુઓના



વાહનોની કતાર દસ કિલોમીટર સુધી લાંબી જોવા મળી હતી. ટ્રાફિક જામમાં ફસાયા પછી અને કલાકો સુધી રખડતાં વાહનોનું ઈંધણ ખતમ થઈ રહ્યું છે. આનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. પ્રયાગરાજમાં વાણિજ્યિક વાહનોને પ્રવેશવાની મંજૂરી નથી. આવી સ્થિતિમાં દૂધ અને બ્રેડની અછત છે. મેળામાં પણ પુરવઠો બંધ થઈ ગયો છે. જો આ સામાન્ય નહીં થાય તો ખાદ્ય સંકટ વધી શકે છે. પેટ્રોલ પંપ પર પણ પેટ્રોલ અને ડીઝલની અછત જોવા મળી રહી છે. જોકે, સોમવારે મોડી રાત સુધીમાં પરિસ્થિતિમાં સુધારો થતો જણાતો હતો. મંગળવારે પણ ભારે સંખ્યામાં ભક્તો ઉમટી પડયા હતા. શહેરમાં પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય બની રહી છે. બીજી તરફ, ટ્રાફિક જામના કારણે માલવાહક વાહનો શહેરમાં પહોંચી શકતા નથી. શહેરના મુખ્ય અનાજ બજાર મુત્તીગંજના તમામ વેપારીઓના ગોદામોમાંથી ખાંડ, લોટ, સોજી વગેરેનો સ્ટોક લગભગ ખતમ થઈ ગયો છે. જેમની પાસે હજુ પણ સ્ટોક બાકી છે તેઓ રિટેલ સ્ટોર્સની માંગને પહોંચી વળવા માટે સપ્લાય કરી શકતા નથી. જથ્થાબંધ વેપારીઓએ જણાવ્યું હતું કે જો અનાજથી ભરેલા વાહનો શહેરમાં પ્રવેશ નહીં કરે તો આવશ્યક અનાજ માટે અરાજકતા સર્જાશે.

## મહાકુંભમાં ૪૫ કરોડ લોકોએ પવિત્ર ડૂબકી લગાવી

મહાકુંભ (મહાકુંભ ૨૦૨૫) માં શ્રદ્ધાનો ઉછાળો છે, તે દરેકને પોતાની તરફ ખેંચી રહ્યો છે. આ જ કારણ છે કે દેશ અને દુનિયાભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ દરરોજ પવિત્ર સ્નાન કરવા માટે મહાકુંભમાં પહોંચી રહ્યા છે. મહાકુંભની શરૂઆતથી મંગળવાર, ૧૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૮ વાગ્યા સુધી, ૪૫ કરોડ લોકોએ પવિત્ર ડૂબકી લગાવી છે. આ પહેલી વાર છે જ્યારે દુનિયામાં એક જ જગ્યાએ આટલા બધા ભક્તો ભેગા થયા છે. મંગળવારે સવારે ૮ વાગ્યા સુધીમાં, ૪૯.૬૮ લાખ લોકોએ ત્રિવેણીમાં સ્નાન કર્યું હતું. કલ્પવાસીઓ ઉપરાંત, સ્નાન કરનારાઓમાં મુખ્યત્વે દેશ અને વિદેશના ભક્તો અને સંતોનો સમાવેશ થતો હતો. યોગી સરકારે અંદાજ લગાવ્યો હતો કે સમગ્ર મહાકુંભમાં કુલ ૪૫ કરોડથી વધુ લોકો હાજરી આપશે. સ્નાન કરનારાઓનો ઉત્સાહ અને ઉમંગ દેખાતો હતો. મહાકુંભમાં ભક્તોની ભારે ભીડ જોઈને અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે આ વખતે સ્નાનનો નવો રેકોર્ડ બનશે. દરરોજ લાખો ભક્તો પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. સીએમ યોગીએ પહેલાથી જ આગાહી કરી હતી કે આ વખતે આયોજિત થઈ રહેલો દિવ્ય મહાકુંભ સ્નાન કરનારાઓની સંખ્યામાં એક નવો રેકોર્ડ બનાવશે.






# પંજાબમાં આમ આદમી પાર્ટીમાં કોઈ વિભાજન નથી : મુખ્યમંત્રી ભગવંત માન

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૧

આમ આદમી પાર્ટી (આપ) ના પંજાબ એકમમાં અસંતોષની અફવાઓ વચ્ચે, પાર્ટી સુપ્રીમો અરવિંદ કેજરીવાલે દિલ્હીના કપૂરથલા હાઉસ ખાતે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, મંત્રીઓ અને ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે અરવિંદ કેજરીવાલે દિલ્હી ચૂંટણીમાં ધારાસભ્યોના કામ બદલ તેમનો આભાર માન્યો. પંજાબ સરકાર લોકોના કલ્યાણ માટે કામ કરી રહી છે. આજે પણ દિલ્હીના લોકો કહે છે કે તેમણે છેલ્લા ૭૫ વર્ષમાં એવું કામ જોયું નથી જેટલું



આપે છેલ્લા ૧૦ વર્ષમાં કર્યું છે. અમે દિલ્હીના અનુભવનો ઉપયોગ પંજાબમાં કરીશું. આપણે સાથે મળીને કામ કરીશું. અમારી પાર્ટી તેના કામ માટે જાણીતી છે. આજની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો કે આગામી બે વર્ષમાં, અમે પંજાબને એક એવું મોડેલ બનાવીશું જે આખો દેશ જોશે. પંજાબ હંમેશા બધી લડાઈઓમાં મોખરે રહ્યું છે. તેમણે કહ્યું હતું કે પંજાબ સરકારમાં કોઈ ફેરફાર અંગે કોઈ ચર્ચા નથી. દિલ્હીની હારમાંથી બોધપાઠ શીખવા મળ્યો છે. આપણે વિચાર-વિમર્શ કરીશું. દિલ્હીમાં એક અંડરકરન્ટ હતો. પંજાબના ધારાસભ્યોએ કહ્યું કે તેઓ આ કામને જનતા સુધી લઈ જશે. સરકારે દિલ્હીમાં ઘણું કામ કર્યું, પરંતુ સંદેશ જનતા સુધી પહોંચ્યો નહીં. અમે પંજાબમાં થયેલી આ ભૂલમાંથી પાઠ શીખીશું, સંગઠનને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરીશું. અમે પંજાબમાં 'દિલ્હી મોડેલ'ના અધૂરા કામને પૂર્ણ કરીશું. બધા ગેરંટીવાળા વચનો પૂરા કરશે. પંજાબમાં પાર્ટીમાં કોઈ વિભાજન નથી, માનએ કોંગ્રેસ પર વળતો પ્રહાર કર્યો.

# દિલ્હીમાં ભાજપ મુખ્યમંત્રી તરીકે મહિલાને સુકાન સોંપે તેવી શક્યતા

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીમાં ભાજપને મોટી જીત મળી છે, હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે પાર્ટી કોને મુખ્યમંત્રી બનાવશે. ભાજપે દિલ્હીમાં મુખ્યમંત્રીપદના ચહેરા વિના ચૂંટણી લડી હતી. આવી સ્થિતિમાં, ચૂંટણી જીત્યા પછી, સૌથી મોટો પ્રશ્ન એ છે કે આગામી મુખ્યમંત્રી કોણ હશે, આ અંગે ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. દરમિયાન, એવું માનવામાં આવે છે કે દિલ્હીને મહિલા મુખ્યમંત્રી મળી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, દિલ્હીના મુખ્યમંત્રી પદ ફક્ત મહિલા ધારાસભ્યને જ આપી શકાય છે. આ વખતે ભાજપના ચાર મહિલા ધારાસભ્યો વિધાનસભામાં પહોંચ્યા છે, જેમાં શિખા રાય, રેખા ગુપ્તા, પૂનમ શર્મા અને નીલમ પહેલવાનનો સમાવેશ થાય છે. આતિશી આપના એકમાત્ર મહિલા નેતા છે જેમણે ચૂંટણી જીતી હતી. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય બાદ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) મુખ્યમંત્રી પદ માટેના નામો પર વિચાર-વિમર્શ કરી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દિલ્હીમાં મુખ્યમંત્રી પદ મહિલા ધારાસભ્યને આપી શકાય છે. એવા પણ સમાચાર છે કે મુખ્યમંત્રીની સાથે એક નાયબ મુખ્યમંત્રીની પણ નિમણૂક કરવામાં આવશે. નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાંથી કોઈ મહિલા ઉમેદવાર અથવા કોઈ અન્ય મહિલા મુખ્યમંત્રી બનશે.






# મહાકુંભમાંથી પરત ફરી રહેલી બસને અકસ્માત : સાતનાં મોત

જબલપુર, તા.૧૧

મધ્યપ્રદેશના જબલપુર જિલ્લામાં મંગળવારે સવારે પ્રયાગરાજ મહાકુંભથી આંધ્રપ્રદેશ પરત ફરી રહેલા સાત શ્રદ્ધાળુઓ એક મિની બસ અને ટ્રક વચ્ચેની અથડામણમાં મૃત્યુ પામ્યા હતા. આ ઘટના જિલ્લા મુખ્યાલયથી ૬૫ કિમી દૂર સિહોરા શહેર નજીક સવારે ૮.૩૦ વાગ્યે બની હતી. તેમણે કહ્યું કે ટ્રક અને મિની



બસ વચ્ચેની અથડામણમાં આંધ્રપ્રદેશના સાત લોકોના મોત થયા છે. આ તમામ લોકો મહાકુંભમાં સ્નાન કરીને પરત ફરી રહ્યા હતા.

પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો હતો કે ટ્રક ખોટી દિશામાંથી હાઈવે પર જઈ રહી હતી, જેના કારણે અકસ્માત થયો હતો. તેમણે કહ્યું કે સાત લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ઘણા લોકો મિની બસની અંદર ફસાયેલા હતા. અકસ્માત બાદ જબલપુરના કલેક્ટર અને પોલીસ અધિક્ષક અકસ્માત સ્થળ તરફ રવાના થયા હતા.

મંગળવારે વહેલી સવારે અગર ઉજ્જૈન રોડ પર બીજો અકસ્માત થયો હતો. અહીં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પાસે ટ્રક અને કાર સામસામે અથડાયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનો રોડથી ૫૦૦ મીટર દૂર ખેતરમાં પડી ગયા હતા. આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

માહિતી આપતા કોતવાલી પોલીસે જણાવ્યું કે આ અકસ્માત રાત્રે લગભગ ૩:૦૦ વાગ્યે થયો હતો, જેમાં રાજગઢ જિલ્લાના જીરાપુરથી કારમાં મુસાફરી કરી રહેલો એક પરિવાર સારવાર માટે ઈન્દોર જઈ રહ્યો હતો, જેની કાર અગર ઉજ્જૈન રોડ પર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પાસે એક ટ્રક સાથે અથડાઈ હતી. અકસ્માતમાં જીરાપુરના રહેવાસી ઈલમ સિંહના પિતા અરવિંદ અને કારમાં મુસાફરી કરી રહેલા જીરાપુરના રહેવાસી કમલેશ સોનીના પતિ મંજુ સોનીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે કમલેશ સોની અને શુભમ સોની ગંભીર રીતે ઘાયલ થતાં તેઓને સારવાર માટે આગર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાંથી તેમને ગંભીર ઈજાઓને કારણે ઉજ્જૈન રિફર કરવામાં આવ્યા હતા.







# કુકાવાવના માયાપાદર ગામે કૂવામાંથી ૨૧ વર્ષીય યુવતીનો મૃતદેહ મળ્યો

અમરેલી, તા.૧૧



અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના માયાપાદર ગામે ગઈકાલે રાત્રે ચંદુભાઈ માલવીયાની વાડીના કૂવામાંથી તેમની જ ૨૧ વર્ષીય પુત્રી રૂતિકાબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. રાત્રે ૧૧:૦૫ કલાકે ૧૦૮ કંટ્રોલ રૂમ તરફથી અમરેલી ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી કે માયાપાદર ગામના વીડી વિસ્તારમાં આવેલ એક કૂવામાં કોઈ વ્યક્તિ પડી ગઈ છે. આ માહિતી મળતાં જ ફાયર ઓફિસર એચ.સી. ગઢવીના નેતૃત્વમાં ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે માત્ર ૨૦ મિનિટના સમયગાળામાં કૂવામાંથી મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. આ કામગીરીમાં હિંમતભાઈ બાંભણિયા, નિલેશભાઈ સાનિયા, કૃષ્ણભાઈ ઓળકિયા, કરનદાન ગઢવી અને સાગરભાઈ પુરોહિતનો સમાવેશ થતો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવતીની ઓળખ રૂતિકાબેન ચંદુભાઈ માલવિયા (ઉંમર: ૨૧) તરીકે થઈ હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી કલેકટર કચેરી ખાતે પોલીસ દ્વારા ટ્રાફિક ઝુંબેશ હાથ ધરાઈ

અમરેલી, તા.૧૧



અમરેલી જિલ્લામાં ટ્રાફિકનાં નિયમોનું પાલન કરવા માટે પોલીસે ઝુંબેશ હાથ ધરી છે. ત્યારે હવે જિલ્લા પોલીસ વડાએ અમરેલી જિલ્લાની સરકારી કચેરીમાં પણ હેલ્મેટ વગર આવતા સરકારી કર્મચારી પર પણ કડક પગલાં લેવા સુચનાઓ આપેલ છે. આ ડ્રાઈવ રાજયનાં પોલીસ વડા વિકાસ સહાય દ્વારા જારી કરાયેલા પરિપત્રનાં અનુસંધાનમાં યોજવામાં આવી છે. સૌપ્રથ કલેકટર કચેરી અમરેલી ખાતે સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસની ટીમે ચેકીંગ હાથ ધર્યું હતું. આ ચેકીંગ આખો દિવસ હાથ ધરાયું હતું. જયાં અનેક લોકો હેલ્મેટ વગર ઝડપાતા તેઓએ કર્મચારીઓની ઓળખાણનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસે નિયમ મુજબ તેઓને દંડ ફટકારેલ હતો. આ કડક કાર્યવાહીથી સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ હેલ્મેટ ખરીદવા માટે દોડતા થયા હતા. અને ટ્રાફિકનાં નિયમોનું પાલન કરવા તરફ વળ્યા છે.

# બાબરાના ઉંટવડ ગામેથી દારૂની ૧૦૮ બોટલ ઝડપાઈ

બાબરા, તા.૧૧

બાબરાના ઉંટવટ ગામેથી પોલીસે દારૂ ની ૧૦૮ બોટલ ઝડપી પાડી હતી.

નરેશભાઈ ઉર્ફે નાગરાજ રવુભાઈ ધાધલે પાસ પરમીટ વગર તેમના મિત્ર રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજનભાઈના રહેણાંક મકાને ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૧૦૮ બોટલ ઉતારી હતી. પોલીસે રેઈડ પાડીને દારૂની બોટલો સહિત ૬૯,૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એમ.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. જાફરાબદા, બોરડી, નાના માચીયાળા, કેરાળા અને અમરેલીમાંથી એક-એક મળી કુલ પાંચ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# ચલાલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ત્રિપાખીયો જંગ: ૪૮ ઉમેદવારો વચ્ચે રસાકસી

ચલાલા, તા.૧૧



બે વર્ષના વહીવટદાર શાસન બાદ ચલાલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનો માહોલ જામ્યો છે. આગામી ૧૬મી ફેબ્રુઆરીએ યોજાનાર આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી એક તરફ અને કોંગ્રેસ-આમ આદમી પાર્ટીનું ગઠબંધન બીજી તરફ સત્તા મેળવવા એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે. કુલ છ વોર્ડમાં યોજાનાર આ ચૂંટણી માટે ૪૮ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં નિયમ મુજબ ૨૪ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. ત્રણેય પક્ષોએ શહેરના નાકા, ગલ્લી અને બજારોમાં ધ્વજ-પતાકા અને બેનરો લગાવી દીધા છે. આ વખતે ભાજપના પ્રભારી તરીકે જીતુભાઈ જોષી અને ચૂંટણી ઈન્ચાર્જ તરીકે અતુલભાઈ કાનાણી કમાન સંભાળી રહ્યા છે. કોંગ્રેસની આગેવાની ઉપેન્દ્રભાઈ વાળા કરી રહ્યા છે, જ્યારે આપના ઉમેદવારોને કાંતિભાઈ સતાસીયા માર્ગદર્શન આપી રહ્યા છે.

# જાફરાબાદમાં એક યુવકને ગાળો બોલી થપ્પડ મારી

**અગાઉનું મનદુઃખ રાખી આરોપીએ જાનથી મારવાની ધમકી આપી**

જાફરાબાદ, તા.૧૧

જાફરાબાદમાં એક યુવકને ગાળો આપીને થપ્પડ મારવામાં આવી હતી. બનાવ અંગે રાજેશભાઈ કાનજીભાઈ ભાલિયા (ઉ.વ.૩૫)એ રાકેશભાઈ હરજીભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ત્હોમતદારના બનેવીએ તેમના ભાભી સાથે માથાકૂટ કરી હતી. જેનું મનદુખ રાખી તેમને મોઢાના ભાગે થપ્પડ મારી, હોઠે સામાન્ય ઈજા પહોંચાડી હતી. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી એલ નાગર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં વિશ્વકર્મા જયંતી નિમિત્તે શોભાયાત્રા નીકળી

અમરેલી, તા.૧૧



અમરેલીમાં ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ અને કારીગર મંડળ દ્વારા વિશ્વકર્મા જયંતી નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાત્રે સમસ્ત સમાજનું ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વકર્મા કારીગર મંડળ સાથે સમાજના દરેક મંડળો અને સમસ્ત સમાજ જોડાયેલો તેમ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

# ધારીમાં પતિએ પત્ની સાથે ગાળાગાળી કરી જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૧૧

ધારીમાં રહેતી એક પરિણીતાને તેના પતિએ ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સલમાબેન સાહીલશા શાહમદાર (ઉ.વ.૨૩)એ પતિ સાહીલશા ઈકબાલશા શાહમદાર, સસરા ઈકબાલશા હુશૈનશા શાહમદાર, સાસુ હમીદાબેન ઈકબાલશા શાહમદાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ તેમને નાની-નાની વાતોમાં તથા ઘરના કામ સબબ મેણા ટોણા મારી ગાળો આપતા હતા. શારીરીક અને માનસીક ત્રાસ આપીને પતિએ મુંઢ માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ અકબરભાઈ વલીભાઈ જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# કાર્યક્રમનાં એનાઉન્સરને કલાકાર તરીકે ઓળખ આપવા મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી, તા.૧૧

લગ્નવિધીમાં જેમ ગોરની ભૂમિકા હોય છે. તેમ એનાઉન્સર, એન્કર, ઉદ્‌ઘોષક, કાર્યક્રમ સંચાલકની ભુમિકા સ્ટેજ કાર્યક્રમ માટે થતી હોય છે. ત્યારે સમગ્ર કાર્યક્રમની સફળતા તેની ગરીમા તેના ભાષાકીય સંચાલન પર અવલ્લંબે છે. લગ્નવિધી પૂર્ણ થયે જેમ ગોરને યાદ ન કરે તેમ કાર્યક્રમ સંપન્ન થયે એનાઉન્સરને યાદ કરવામાં આવતા નથી. એનાઉન્સર, એન્કર, ઉદ્‌ઘોષક, કાર્યક્રમ સંચાલક કલાકાર ગણાતા નથી. કલાનાં શબ્દસાધક હોવા છતાં આજ સુધી તેની કોઈ ઓળખ પ્રસ્થાપિત થઈ નથી. આજ સુધી તેનો કયાંય કલાજગતમાં સમાવેશ પણ કરાયો નથી. જેથી તેમની ઓળખ પ્રસ્થાપિત થાય તથા કલા શબ્દને યોગ્ય વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવે. તથા કલાકારની જેમ તેમને પણ ઓળખ/ઓળખપત્ર આપવામાં આવે તેવી રજૂઆત મુખ્યમંત્રીને ઉદ્‌ઘોષક શરદકુમાર કે. વ્યાસે કરી છે.

# ચલાલાની ગુજરી બજારમાંથી ચોરને પોલીસે ઝડપી પાડ્યો

ચલાલા, તા.૧૧



ચલાલા શહેરમાં દર અઠવાડિયે ભરાતી પ્રખ્યાત ગુજરી બજારમાં એક ચોરને પોલીસે ઝડપી પાડ્યો છે. આ શખ્સ બજારમાં આવતા લોકોની ભીડનો લાભ લઈને મોબાઈલ ફોન, સોનાની ચેઈન સહિતની કિંમતી વસ્તુઓની ચોરી કરતો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ચલાલાની ગુજરી બજારમાં દર અઠવાડિયે મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આવે છે. આ ભીડભાડનો ગેરલાભ લઈને આરોપી વારંવાર ચોરીઓને અંજામ આપતો હતો. ચલાલા પોલીસે આરોપીને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# ફતેપુર પાસે ઠેબી નદી કાંઠે દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી

અમરેલી, તા.૧૧



ફતેપુર પાસે ઠેબી નદીના કાંઠે બૂટલેગરો ખુલ્લેઆમ દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવી રહ્યા હોવાની બાતમી મળતા અમરેલી તાલુકા પોલીસ, LCB સહિતની ટીમ ત્રાટકી હતી. બુટલેગરે ભઠ્ઠી માટે એવી જગ્યા પસંદ કરી છે કે જ્યાં એક બાજુ નદી અને એક બાજુ કચરાના ગંજનો મેદાન છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લાઠી-અમરેલીમાં ચૂંટણીના સમયે આચારસંહિતા લાગુ હોય તેમ છતાં લાઠીની સરકારી કચેરીના પટાંગણમાં દારૂની બોટલો અને અમરેલીમાં દેશી દારૂ ભઠ્ઠીઓ ધમધમી રહી છે ત્યારે લોકોમાં આ ચર્ચાનો વિષય બન્યો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★

હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
પ્રસ્તુત છે નવું Destini 125
રહો બે કદમ આગળ
અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પલશ સીટ 785mm | LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી શહેરમાં ત્રણ વર્ષથી બંધ ડૉ. આંબેડકર ભવન મુદ્દે ધરણાની ચીમકી

અમરેલી,તા.૧૧

અમરેલી શહેરના રાજમહેલ કમ્પાઉન્ડમાં આવેલા ડૉ. આંબેડકર ભવનને કાર્યરત કરવાની માંગ સાથે સામાજિક આગેવાન શરદ મકવાણાએ આગામી દસ દિવસમાં ભવન શરૂ નહીં થાય તો ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી છે.લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલું આ ભવન છેલ્લા ત્રણ વર્ષથી બિનઉપયોગી સ્થિતિમાં છે. અનુસૂચિત જાતિના લોકો માટે સામાજિક કાર્યક્રમો યોજવાના હેતુથી બનાવાયેલા આ ભવનમાં હાલ અસામાજિક તત્વોની પ્રવૃત્તિઓ થતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શરદ મકવાણાએ જણાવ્યું હતું કે આ મુદ્દે જિલ્લા કલેક્ટર, સમાજ કલ્યાણ કચેરી અને સમાજ કલ્યાણ મંત્રીને વારંવાર



રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ કોઈ પરિણામ આવ્યું નથી. ભવનમાં મૂકવામાં આવેલા સોફા, ખુરશી અને ટેબલ જેવી સુવિધાઓ ધૂળ ખાઈ રહી છે. આ કારણે સમાજના કાર્યક્રમો માટે અન્ય સ્થળો શોધવાની ફરજ પડે છે.તેમણે કલેક્ટરને પત્ર લખીને જણાવ્યું છે કે જો આગામી દસ દિવસમાં ભવન કાર્યરત નહીં કરવામાં આવે તો ધરણા કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભવનના રીનોવેશનનું કામ પણ લાંબા સમયથી અધૂરું પડ્યું છે.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી દ્વારા ધારીમાં વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

ધારી,તા.૧૧

લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ધારી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ, સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર-મુંબઈના આર્થિક સહયોગથી નવમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ધારીના રળિયાતબા ઘર ખાતે મંગળવારે સવારે યોજાયો હતો. જેમાં આંખના વિવિધ રોગોની તપાસ



ડૉ. કાનનબેન સેદાણી અને તેની ટીમે કરી હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. આ કેમ્પમાં ૭૧ દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૪ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. આ કેમ્પને સફળ બનાવવા લાયન્સ ક્લબ તરફથી ડિસ્ટ્રિક્ટ ચેરમેન લાયન જયેશભાઈ પંડયા, પૂર્વ પ્રમુખ લાયન પ્રા. એમ. એમ. પટેલ, ટ્રેઝરર લાયન સાહસ ઉપાધ્યાય, લાયન વિનોદભાઈ આદ્રોજા, લાયન શરદભાઈ વ્યાસ અને તેમજ રળિયાતબા ઘરના ડૉ . વી. પી. વાઘેલા , શિવરાજભાઈ વાળા, કિર્તીભાઈ ભટ્ટ અને નિલેશભાઈ ભીલની ટીમે જહેમત ઉઠાવી હતી.

# ચલાલામાં નગરપાલિકાની ચૂંટણી માટે ભાજપની બેઠક યોજાઇ

**પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, દંડક કૌશિકભાઇ, ધારાસભ્ય જે.વી.કાકડીયા વગેરે ઉપસ્થિત રહ્યા**



ચલાલા,તા.૧૧

ચલાલા નગરપાલિકા ચૂંટણી અંતર્ગત આયોજિત બેઠકમાં પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ, ધારાસભ્ય જે.વી. કાકડીયા, મહામંત્રી ભુપેન્દ્રભાઈ બચિયા, મેહુલભાઈ ધોરાજીયા, જયંતીભાઈ પાનસુરીયા, જીતુભાઈ જોષી સહિતના આગેવાનો, ઉમેદવારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાવડકા ચોકડીથી અમરેલી વચ્ચે ફોર વ્હીલ ચાલકે દંપત્તિને ઉલાળ્યું

અમરેલી, તા.૧૧

અમરેલીમાં અકસ્માતનો સિલસિલો યથાવત્ છે. ગાવકડા ચોકડીથી અમરેલી વચ્ચે સારહી તપોવન આશ્રમ પાસે ફોર વ્હીલ ચાલકે દંપત્તિને ટક્કર મારી હતી. હંસાબેન સિદ્ધાર્થભાઈ સારીખડા (ઉ.વ.૨૫)એ ફોર વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સાહેદ સિદ્ધાર્થભાઈ તથા પતિ-પત્ની બંને પોતાની બાઈક લઈને કેશોદથી અમરેલી આવતા હતા તે દરમિયાન ગાવડકા ચોકડીથી અમરેલી તરફ આવતાં સારહી તપોવન આશ્રમ પાસે ફોર વ્હીલ ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેમને તથા તેના પતિને ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ જે કે ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી શહેરમાં કેસરીનંદન હનુમાનજી મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠતા મહોત્સવ યોજાયો

અમરેલી, તા.૧૧

ધારીનાં ચોરાપાશેરી ખાતે આવેલ 'કેસરીનંદન હનુમાનજી મહારાજ'નો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા બાળનાથ મહાદેવ મંદિરનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ધારીનાં લોકલાડીલા ધારાસભ્ય જે.વી.



કાકડીયા, ભાજપ અગ્રણી જીતુભાઈ જોશી, પરેશભાઈ પટ્ટણી, ઘનશ્યામભાઈ હીરપરા, જીતુભાઈ પાઘડાળ વગેરેનું બાળનાથ મંડળનાં સભ્યો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સા.કુંડલામાં તીનપત્તી ટીચતાં ૪ શકુનીઓ રોકડા રૂા.૧૫,૧૦૦ સાથે ઝડપાયા

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલામાંથી પોલીસે ચાર જુગારીને તીનપત્તી રમતાં રોકડા રૂા.૧૫,૧૦૦ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા. દિલુભાઈ બદરૂભાઈ ખુમાણ, જીતેન્દ્રભાઈ ચંદ્રેશભાઈ વાળા, ચંપુભાઈ કથુભાઈ સાંઢસુર તથા કેવલભાઈ ચતુરભાઈ સરૈયા જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૧૫,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.


**સંકુલ PHC મેડીકલ - ડોક્ટર જોઈએ છે.**

★ MBBS / BAMS / BHMS લાયકાત ધરાવનાર અનુભવી ડોક્ટર એ એપ્લાય થવું
★ વીઝીટીંગ સમય સવારે ૯ થી ૧૦ – રાત્રે ૯ થી ૧૦ અપેક્ષીત સેલરી જણાવવી

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચકકરગઢ રોડ અમરેલી - Ad 112



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


## -:: જાહેર નોટીસ ::-

ફો.પ.અ.નં.૦૭/૨૦૨૫

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી**

અરજદાર ::- સતાણી ગીગાભાઈ મોહનભાઈ ઉ.વ.૫૬ ધંધો ખેતી કામ ધર્મે હિન્દુ પટેલ. રહે. શેખપીપરીયા, તા.લાઠી, જી.અમરેલી

**-::વિરૂધ્ધ ::-**

**સામાવાળા :- જન્મ -મરણ નોંધણી ત.ક.મ. અધીકારી શેખપીપરીયા ગ્રામપંચાયત**

આથી લાગતા વળગતા સર્વો ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પોતે શેખપીપરીયા ગામના રહેવાસી છે. અરજદાર પોતે સતાણી ગીગાભાઈ મોહનભાઈની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે સતાણી ગીગાભાઈ મોહનભાઈનો જન્મ જે તે સમયે શેખપીપરીયા મુકામે જન્મ તારીખઃ- ૩૦/૦૭/૧૯૬૯ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખઃ-૨૭/૩/૨૦૨૫ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩ઃ૩૦ કલાકે ઉપસ્થિ રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ ::- લાઠી
તારીખ ::- ૧૦/૨/૨૦૨૫

શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી


**શાંત અને રમણીય વાતાવરણ**
**સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ**
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
**હોટેલ હોલીડે**
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



**વી. કે. મોટર્સ**
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


## -:: જાહેર નોટીસ ::-

ફો.પ.અ.નં.૦૮/૨૦૨૫

**મે. લાઠીના મામલતદાર સાહેબ એવમ તાલુકા મેજી. સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી**

અરજદાર ::- ઢોલરીયા અસ્મિતાબેન ભીખાભાઈ ઉ.વ.૩૯ ધંધો ઘરકામ ધર્મે હિન્દુ/રહે. જરખીયા હાલ સાસરે વાંડળીયા તા.બાબરા

**-::વિરૂધ્ધ ::-**

**સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધીકારી ત.ક.મ. જરખીયા ગ્રામ પંચાયત કચેરી**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર લાઠી તાલુકાના જરખીયા ગામના રહેવાસી છે. હાલ તેઓ વાંડળીયા તા.બાબરા મુકામે સાસરે છે. અને અરજદાર પોતે **ઢોલરીયા અસ્મિતાબેન ભીખાભાઈ** ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પોતે **ઢોલરીયા અસ્મિતાબેન ભીખાભાઈ** નો જન્મ જે તે સમયે તેમનાં નિવાસ સ્થાન જરખીયા તા. લાઠી મુકામે જન્મ તારીખ-૦૨/૦૮/૧૯૮૬ ના રોજ ની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટમાં લાઠી તાલુકા મેજી મામલતદાર સાહેબ કચેરી ખાતે બપોરના ૩ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ ::- લાઠી
તારીખ ::- ૧૦/૨/૨૦૨૫

શીરીસ્તેદાર ઓફ લાઠી મામ. કચેરી
લાઠી તાલુકા મેજી મામલતદાર કચેરી


અમરેલી જિલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • હેર સ્ટાઈલ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી • ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેશીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since 1996
**રાજ ફેમિલી સલૂન**
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ,ચિતલ રોડ, અમરેલી.



**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# દિલ્હીના નવા સીએમ કોણ બનશે ?

દિલ્હીમાં ભાજપની ભવ્ય જીત બાદ પાટનગરના નવા સીએમનો તાજ કોના શિરે મુકાશે તે આગામી સપ્તાહે નક્કી થઈ જશે. ભારતીય જનતા પાર્ટીએ દિલ્હીમાં ભારે અંતર સાથે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં જીત નોંધાવી છે. દિલ્હીમાં ૨૭ વર્ષના લાંબા અંતરાલ બાદ ભાજપની સત્તામાં વાપસી થઈ રહી છે. આ પહેલાં, ૧૯૯૩ની વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ૭૦માંથી ૪૯ બેઠકો મળી હતી. આ વખત ભાજપને ૪૮ બેઠકો મળી છે, જ્યારે ૧૧ વર્ષ સુધી સત્તામાં રહેલી આમ આદમી પાર્ટીના ભાગે માત્ર ૨૨ બેઠકો આવી છે. આવી સ્થિતિમાં હવે સવાલ એ ઊઠે છે કે આખરે દિલ્હીનો મુખ્ય મંત્રી કોણ બનશે.

આવો જાણીએ એ પાંચ દાવેદારો વિશે જેઓ મુખ્ય મંત્રી બનવાની રેસમાં સામેલ હોવાનું મનાઈ રહ્યું છે. પ્રવેશ વર્મા ઉપરાંત રેખા ગુપ્તા અને વીરેન્દ્ર સચદેવા એ દિલ્હીનાં એવાં નામો છે જેમને મુખ્ય મંત્રીની રેસમાં આગળ પડતાં માનવામાં આવી રહ્યાં છે. ભાજપ દલિતો પર દાવ લગાવી શકે છે, પીએમ અમેરિકાથી પાછા ફર્યા પછી નિર્ણય લેવામાં આવશે. દિલ્હીના મુખ્યમંત્રી પદ અંગેનો નિર્ણય પીએમ મોદીના અમેરિકા પ્રવાસથી પાછા ફર્યા પછી લેવામાં આવશે. દિલ્હીને પણ એક સંપૂર્ણપણે નવો ચહેરો મળી શકે છે. પાર્ટી દલિતો પર પણ દાવ લગાવી શકે છે. નવા મુખ્યમંત્રી અને સરકારની રચના અંગે શાહ અને નડ્ડા વચ્ચે મેરેથોન ચર્ચા થઈ હતી.

દિલ્હીના નવા મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ ૧૩ ફેબ્રુઆરી પછી થવાની શક્યતા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૦ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાતે જશે. ૨૬ વર્ષ પછી સત્તામાં પરત ફરી રહેલી ભાજપ ઈચ્છે છે કે નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં પીએમ પણ હાજર રહે.આ દરમિયાન, પાર્ટીમાં નવા મુખ્યમંત્રીની પસંદગી કરવાની કવાયત પણ તેજ થઈ ગઈ છે. રવિવારે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. નડ્ડા અને શાહ વચ્ચે લગભગ દોઢ કલાક ચાલેલી બેઠકમાં મુખ્યમંત્રી પદ માટે ચહેરો નક્કી કરવા અને સરકારની રચના અંગે ચર્ચા થઈ હતી. શનિવારે વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી, ભાજપ મુખ્યાલય ખાતે પાર્ટીના ટોચના નેતાઓની બેઠક યોજાઈ હતી. આમાં પ્રધાનમંત્રી પણ હાજર હતા. મુખ્યમંત્રી પદ માટે ઘણા નામો છે જેમાં પ્રવેશ વર્માનો પણ સમાવેશ થાય છે જેમણે કેજરીવાલને હરાવ્યા હતા.

આ પદ માટે ચહેરો નક્કી કરતી વખતે, બિહાર વિધાનસભા ચૂંટણી સહિત ઘણા રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખવામાં આવશે. આ પદની જવાબદારી કોઈપણ દલિત ચહેરાને પણ આપી શકાય છે.જોકે, પાર્ટી આશ્ચર્યજનક નિર્ણય પણ લઈ શકે છે અને એક લો-પ્રોફાઈલ નેતાને મુખ્યમંત્રી બનાવી શકે છે, જેમ કે અન્ય રાજ્યોમાં કરવામાં આવ્યું છે. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે મુખ્યમંત્રીનો નિર્ણય પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા લેવામાં આવશે. ભ્રષ્ટાચાર ના પ્રતીક્ષા શીશમહલમાં નવા મુખ્યમંત્રી રહેવા નહીં જાય. વિધાનસભા ચૂંટણી દરમિયાન સમાચારમાં રહેલું પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું સરકારી નિવાસસ્થાન ચૂંટણી પછી પણ ચર્ચાનું કેન્દ્ર છે. ભાજપે નિર્ણય લીધો છે કે ૬, ફ્લેગસ્ટાફ રોડ પર સ્થિત આ ઈમારત નવા મુખ્યમંત્રીનું નિવાસસ્થાન રહેશે નહીં.

ભાજપે ૪૫ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ નિવાસસ્થાનને શીશમહલ નામ આપ્યું હતું. તેને લોકોના આવવા-જવા માટે અસ્થાયી રૂપે ખુલ્લું પણ રાખી શકાય છે. જેથી દિલ્હી વાસીઓ આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચારને નજરે જોઈ શકે અને અનુભવી શકે કે આ આ કટ્ટર ઈમાનદાર લોકો કેટલી હદ સુધી ભ્રષ્ટ વહીવટ કર્યો હતો.

દિલ્હી માટે વડાપ્રધાન મોદીના વિઝનને કારણે જ શાનદાર સફળતા શક્ય બની. વડા પ્રધાને કહ્યુ છે કે, આ જીત ફક્ત મારી નથી, પરંતુ વિસ્તારના દરેક નાગરિકની છે. ધારાસભ્ય વિજેન્દ્ર ગુપ્તાએ કહ્યું કે વિધાનસભામાં ૧૪ CAG રિપોર્ટ રજૂ થતાંની સાથે જ AAP સરકારના ભ્રષ્ટાચારના ઘેરા રહસ્યો બહાર આવશે.

# અમરેલીમાં ગૌમાંસના કેસમાં આરોપીને ત્રણ વર્ષની સજા

અમરેલી,તા.૧૧

અમરેલીમાં ગૌમાંસનો અવૈધ વેપાર કરતા આરોપીને સ્પેશિયલ સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલોના આધારે કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી છે.તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ જોષીને મળેલી બાતમીના આધારે બહારપરા વિસ્તારના રફીક ઉર્ફે શેટ્ટી આદમભાઈ કાલવાને ગૌમાંસ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.પોલીસને મળેલી માહિતી મુજબ આરોપી બોલેરો કારમાં માંસ ભરીને સાવરકુંડલા બાયપાસ ચોકડી પરથી પસાર થવાનો હતો. પોલીસે વોચ ગોઠવી હતી પરંતુ આરોપીએ ગાડી ઊભી રાખવાને બદલે પૂરપાટ ઝડપે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે પીછો કરીને ગુજકો મિલ



પાસેથી તેને પકડી પાડ્યો હતો. બોલેરો કારની તપાસ કરતાં તેમાંથી ૨૪૦ કિલો ગૌમાંસ મળી આવ્યું હતું.અમરેલીના બીજા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડી.બી. ગઢવીની કોર્ટમાં ચાલેલા આ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ચંદ્રેશભાઈ મહેતાની દલીલો ગ્રાહ્ય રાખીને કોર્ટે આરોપીને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ-૫(૧)(ક) હેઠળ ત્રણ વર્ષની સજા અને રૂ. ૫,૦૦૦નો દંડ, કલમ ૬(ખ) હેઠળ બે વર્ષની કેદ તથા આઈપીસીની કલમ ૨૭૯ હેઠળ એક માસની સજાનો હુકમ કર્યો છે.

# જાફરાબાદના શિક્ષક સાથે રૂ.૧,૬૫ લાખની છેતરપિંડી

જાફરાબાદ, તા.૧૧

જાફરાબાદના શિક્ષક સાથે રૂપિયા ૧,૬૫,૦૦૦ની છેતરપિંડી આચરવામાં આવી હતી. બનાવ અંગે જાફરાબાદની સાંઈનાથ સોસાયટીમાં રહેતા અને શિક્ષક તરીકે સરકારી નોકરી કરતાં માનસિંગભાઈ ભાણાભાઈ વાળા (ઉ.વ.૫૩)એ અજાણ્યા મોબાઈલ ધારક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેને એસબીઆઈના બેંક મેનેજર તરીકેની ખોટી ઓળખ આપીને વિશ્વાસમાં લીધા હતા. જે બાદ પાક ધીરાણાની લોનના વ્યાજના પૈસા બાબતે ફોનમાં ઓટીપી મોકલી તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૧,૬૫,૦૦૦ મેળવી લીધા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ જે.આર.ભાચકન વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના આદસંગ ગામના વેપારીનો મોબાઈલ ચોરાયો

**જાબાળ ગામ પાસે પડી ગયેલા ફોનની અજાણ્યો ઇસમ ઉઠાંતરી કરી ગયો**

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલાના આદસંગ ગામે રહેતા વેપારીનો ફોન જાબાળ ગામ પાસે પુલ નજીક પડી ગયો હતો.

જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અનિરુદ્ધભાઈ બાબુબાઈ મહેતા (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, તેઓ આદસંગ ગામેથી તેની દિકરી બીમાર હોવાથી પત્નીને સાથે લઈ સાવરકુંડલા દવાખાને જવા નીકળ્યા હતા. જાબાળ ગામ પાસે પહોંચતાં તેમને મધમાખી કરડતાં પુલ પાસે ચક્કર આવવાં લાગતાં મોટર સાયકલ ઉભું રાખી દીધું હતું અને થોડીવાર બેસી ગયા હતા. આ સમયે તેમના ખિસ્સામાંથી ફોન પડી ગયો હતો. ૧૫,૪૯૯ રૂપિયાની કિંમતના ફોનની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી એએસઆઆઈ બી વાય હબસી વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા નગરપાલિકામાં ભાજપે રઘુવંશી સમાજને ટીકીટ ન આપતા આગેવાનોએ રોષ વ્યક્ત કર્યો

ચલાલા, તા.૧૧

ચલાલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં રઘુવંશી સમાજનાં ઉમેદવારોએ ભારતીય જનતા પાર્ટીમાંથી દાવેદારી કરી હોવા છતાં ટિકીટ ન ફાળવાતા દેશભરમાંથી રઘુવંશી સમાજનાં આગેવાનોએ આક્રોશ સાથે અણગમો વ્યક્ત કર્યો છે. તેઓની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, મોટાભાગનો લોહાણા સમાજ



ભાજપ તરફ ઢળેલો છે. તેમ છતાં ચલાલા નગરપાલિકાનાં ઈતિહાસમાં પ્રથમ વખત જ રઘુવંશી સમાજમાંથી કોઈને ટિકીટ ફાળવવામાં આવી નથી. આ અંગે આગેવાનોએ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાને પણ રજૂઆત કરી છે અને આગામી સમયમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને પણ રજૂઆત કરવામાં આવશે. તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગોઢાવદરના તલાટી કમ મંત્રીનો લાંચ કેસમાં નિર્દોષ છુટકારો

**એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો બાદ સ્પેશિયલ ACB કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યા**

અમરેલી,તા.૧૧

અમરેલીની સ્પેશિયલ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) કોર્ટે ગોઢાવદરના તલાટી કમ મંત્રી શૈલેષભાઈ ધીરજલાલ જોષીને લાંચ કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલો ધ્યાને લઈને સ્પેશિયલ જજ આર.વી. બુખારીએ આ ચુકાદો આપ્યો હતો.આ કેસની વિગતો મુજબ, ફરિયાદી રસિકભાઈ ગજેરાએ ACB કચેરીમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમણે ખરીદેલા મકાનમાં ઈલેક્ટ્રિક મીટર ટ્રાન્સફર કરાવવા માટે આકારણી પત્રક અને ઘરવેરા પહોંચ મેળવવા તલાટી મંત્રી શૈલેષભાઈ જોષી



રૂ. ૨,૦૦૦ની લાંચની માગણી કરી હતી.ACBએ છટકું ગોઠવ્યા બાદ તલાટી મંત્રીને રૂ. ૧,૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૭ અને ૧૩ હેઠળ ગુનો નોંધ્યો હતો. જોકે, કોર્ટમાં કેસ ચાલતા ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શક્યો ન હતો.આ કેસમાં આરોપી તરફે રોકાયેલા સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો ધ્યાને લઈને કોર્ટે તલાટી મંત્રી શૈલેષભાઈ જોષીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# ધારીના સરસીયા ગામે આ ડેલીમા પગ ન મુકતી કહી વહુને સાસુ-સસરાએ ગાળો આપી

ધારી, તા.૧૧

ધારીના સરસીયા ગામે રહેતી એક પરિણીતાને આ ડેલીમાં પગ ન મૂકતી કહી પુત્રવધુને સાસુ-સસરાએ ગાળો આપી હતી. બનાવ અંગે રૂકશાનાબેન સુનિલભાઈ વાઘેલા (ઉ.વ.૨૫)એ રેખાબેન જેન્તીભાઈ વાઘેલા, જેન્તીભાઈ કાનજીભાઈ વાઘેલા, જગદીશભાઈ જેન્તીભાઈ વાઘેલા, નારણભાઈ કાનજીભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, સરસીયા ગામે લગ્નમાં તેમને રેખાબેન જેન્તીભાઈ વાઘેલા સાથે ઝઘડો થયો હતો. જે બાદ તેઓ અમરેલી મુકામે લગ્ન હોવાથી ત્યાં ગયા હતા અને પરત સાસરે સરસીયા મુકામે આવ્યા હતા. જ્યાં સસરાએ જેન્તીભાઈ કાનજીભાઈ વાઘેલાએ આવીને તું શું કામ અહીં આવી છે અને આ ડેલીમાં પગ મુકતી નહીં તેમ કહ્યું હતું. જે બાદ સાસુ-સસરાએ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત વાંસાના ભાગે ઢીકાપાટુનો માર માર્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૧ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૫૯૬ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૮૦ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૮૪ |
| તુવેર | ૧૨૨૫ | ૧૫૨૫ |
| ચણા પીળા | ૯૫૧ | ૧૧૪૯ |
| ચણા સફેદ | ૧૨૦૫ | ૨૦૨૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૬ |
| મગ | ૧૨૦૦ | ૧૬૯૬ |
| વાલ દેશી | ૭૨૧ | ૧૦૬૧ |
| મઠ | ૬૦૦ | ૮૭૦ |
| કળથી | ૬૫૦ | ૮૬૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૨૩ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૨૦ |
| તલી | ૧૭૦૦ | ૨૦૩૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૩ |
| એરંડા | ૧૧૯૫ | ૧૨૩૫ |
| અજમો | ૨૨૫૦ | ૨૬૦૦ |
| સોયાબીન | ૭૪૦ | ૭૯૧ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૧૧ |
| કાળા તલ | ૩૬૦૦ | ૫૨૦૦ |
| લસણ | ૧૦૨૦ | ૧૭૫૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૫૮૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૨૦૦ |
| ધાણી | ૧૨૮૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૪૨૦ | ૩૮૧૦ |
| રાય | ૧૦૪૦ | ૧૩૬૦ |
| મેથી | ૭૨૦ | ૯૨૦ |
| રાયડો | ૯૪૦ | ૧૦૭૦ |
| ગુવારનું બી | ૯૬૦ | ૯૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૪૬૦ |
| ટમેટા | ૬૦ | ૧૬૦ |

| | | |
|---|---|---|
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૮૦ | ૨૦૦ |
| શકકરીયા | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૩૦ | ૫૨૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૪૦ | ૮૦ |
| ફ્લાવર | ૬૦ | ૧૨૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૫૦ | ૧૨૩૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૩૫૦ | ૮૧૦ |
| દુધી | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૬૨૦ |
| પરવર | ૧૬૦૦ | ૨૦૫૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૮૦ |
| વટાણા | ૩૦૦ | ૪૫૦ |
| તુવેરસીંગ | ૩૫૦ | ૫૩૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૫૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૭૦૦ |
| ચણા લીલા | ૧૫૦ | ૨૫૦ |
| મરચા લીલા | ૨૨૦ | ૩૮૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૮૫૦ |
| મકાઇ લીલી | ૨૩૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૨ |
| ગીરનાર શીંગ | ૧૦૦૪ | ૧૦૯૬ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૧૩૧ |
| શિંગદાણા ફાડા | ૯૯૬ | ૧૩૦૦ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૩૭૫ | ૨૨૩૫ |
| તલ કાળા | ૨૩૭૫ | ૫૦૦૧ |
| તલ કાશ્મીરી | ૨૫૪૦ | ૨૫૪૦ |
| બાજરો | ૪૩૦ | ૫૫૦ |
| જુવાર | ૫૧૦ | ૧૨૦૫ |
| ઘઉં ટુકડા | ૫૩૮ | ૬૯૪ |
| ઘઉં લોકવન | ૫૪૮ | ૬૩૭ |
| મકાઇ | ૬૧૫ | ૭૪૦ |
| અડદ | ૮૧૦ | ૧૪૫૭ |
| ચણા | ૯૨૩ | ૧૨૦૮ |
| તુવેર | ૮૫૦ | ૧૪૮૮ |
| વાલ | ૧૨૦૪ | ૧૨૦૪ |
| કપાસ | ૯૭૦ | ૧૪૬૭ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૦૩ |
| જીરૂ | ૨૫૭૦ | ૩૬૬૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૫૯૩ | ૭૯૦ |
| મરચા લાંબા | ૪૧૦ | ૩૨૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૯૦ | ૨૩૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૩૫૦ | ૪૦૦ |
| ટામેટા | ૮૦ | ૧૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૨૪૦ | ૩૮૦ |
| દૂધી | ૧૪૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૬૦ | ૪૫૦ |
| મુળા | ૧૦૦ | ૧૬૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૨૫૦ |
| વટાણાં | ૪૦૦ | ૫૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| આમળા | ૮૦૦ | ૯૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૬૫૦ | ૭૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૫૦ |
| મેથીભાજી | ૧૦૦ | ૧૭૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| સરગવો | ૫૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૬૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૯૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૪૫૬ |
| મગફળી | ૧૦૧૧ | ૧૦૩૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૩૫૧ | ૧૪૨૧ |
| મગ | ૧૩૬૨ | ૧૩૬૨ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૭૧ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૮ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૦૯૬ |
| સિંગ ફાડીયા | ૮૮૧ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૨૬૧ |
| તલ લાલ | ૨૨૭૬ | ૨૨૭૬ |
| જીરૂ | ૨૩૫૧ | ૩૮૯૧ |

| | | |
|---|---|---|
| ધાણા | ૮૦૧ | ૧૬૧૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૧૪૯૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૬૬ |
| અડદ | ૧૧૬૧ | ૧૬૪૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૫૫૧ |
| રાય | ૯૯૧ | ૧૨૦૧ |
| મેથી | ૬૯૧ | ૧૧૬૧ |
| કાંગ | ૭૭૧ | ૯૨૧ |
| કારીજીરી | ૨૫૩૧ | ૨૫૩૧ |
| મરચા | ૪૦૧ | ૩૬૦૧ |
| મગફળી જાડી | ૬૩૧ | ૧૧૩૧ |
| નવું જીરૂ | ૨૭૦૧ | ૪૩૦૧ |
| નવું લસણ | ૯૪૧ | ૨૧૨૧ |
| સફેદ ચણા | ૧૧૧૧ | ૧૬૦૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૩૮૧ |
| ઇસબગુલ | ૫૦૦ | ૧૬૦૧ |
| ધાણી | ૮૫૧ | ૧૫૫૧ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૨૭૧ |
| બાજરો | ૪૦૧ | ૫૨૧ |
| જુવાર | ૯૩૧ | ૯૯૧ |
| મકાઇ | ૪૭૧ | ૪૭૧ |
| મગ | ૧૧૦૦ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૩૬ | ૧૧૬૧ |
| વાલ | ૬૫૧ | ૧૨૨૧ |
| ચોળા / ચોળી | ૬૩૧ | ૨૨૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૧ |
| અજમાં | ૨૦૨૧ | ૨૦૨૧ |
| ગોગળી | ૬૭૬ | ૯૩૧ |
| વટાણા | ૨૫૬૧ | ૨૫૬૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૫ | ૧૫૧૫ |
| કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૪૦૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૪૮ | ૧૦૬૨ |
| મગફળી બી.ટી | ૯૯૫ | ૧૦૪૫ |
| ઘઉં | ૫૦૫ | ૬૭૫ |
| ચણા | ૧૦૯૭ | ૧૧૪૩ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૨૩૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૩૬૬૦ | ૩૭૩૦ |
| સોયાબીન | ૭૪૬ | ૭૬૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૧ | ૧૧૦૨ |
| મગફળી ૩૨ નં. | ૯૭૦ | ૧૦૪૭ |
| બાજરી હાઈબ્રીડ | ૫૨૫ | ૬૧૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૫૦ |
| રાઈ | ૯૦૦ | ૧૧૯૨ |
| મેથી | ૭૦૦ | ૧૦૫૨ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૪૦ |
| જુવાર | ૬૨૫ | ૧૦૨૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૧ |
| જા.તલ | ૨૧૦૦ | ૨૬૫૫ |
| સોયાબીન | ૭૨૫ | ૮૦૪ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૬૦ |
| કપાસ | ૧૧૭૦ | ૧૪૫૦ |
| કાંગ | ૪૫૦ | ૮૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૨૫ | ૧૩૯૫ |
| મગફળી | ૯૫૬ | ૧૧૨૫ |
| ઘઉં | ૫૫૧ | ૬૦૫ |
| સફેદ તુવેર | ૧૧૯૬ | ૧૩૬૬ |
| લાલ તુવેર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૩૫ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| તલ સફેદ | ૧૯૪૨ | ૨૧૧૭ |
| તલ કાળા | ૨૭૦૦ | ૪૧૫૧ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૭૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૬૫૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૭૨ |
| બાજરો | ૫૦૦ | ૬૫૦ |
| જુવાર | ૫૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| અડદ | ૭૮૬ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૧૨ |
| તુવેર લાલ | ૧૨૫૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૭૦૨ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૯૯ | ૧૪૪૮ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૪૫ | ૧૦૨૪ |
| શીંગ ૩૯ | ૯૨૦ | ૧૧૩૬ |
| શીંગ જી-૨૦ | ૯૮૦ | ૧૦૮૮ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| જુવાર | ૪૦૦ | ૧૦૦૮ |
| બાજરી | ૪૨૨ | ૬૨૭ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૭૦૮ |
| અડદ | ૭૦૧ | ૧૩૦૦ |
| મગ દેશી | ૧૧૧૦ | ૧૯૩૩ |
| સોયાબીન | ૬૭૮ | ૭૯૬ |
| ચણા | ૮૭૧ | ૧૧૦૪ |
| તલ સફેદ | ૧૪૬૨ | ૧૯૨૫ |
| તલ પુરબીયા | ૨૪૯૯ | ૨૬૧૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૩૩૪૫ | ૪૩૩૫ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૬૯ |
| ડુંગળી સફેદ | ૨૨૯ | ૩૪૭ |
| કપાસ શંકર | ૧૦૭૫ | ૧૩૬૦ |
| નાળીયેર | ૬૪૦ | ૨૮૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૮૨૫ |
| બાજરો | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં | ૫૪૦ | ૬૭૭ |
| મગ | ૬૦૦ | ૧૩૧૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૭૦ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૭૦૦ | ૮૦૫ |
| ચણા | ૯૨૦ | ૧૧૬૦ |
| મગફળીજીણી | ૮૦૦ | ૧૦૪૦ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૦૭૫ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૧૪ |
| રાયડો | ૯૦૦ | ૧૦૫૮ |
| લસણ | ૫૦૦ | ૧૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૭૮૫ |
| અજમો | ૨૦૨૫ | ૪૫૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૪૩૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૫૩૦ |
| મરચા સુકા | ૪૧૫ | ૩૩૦૦ |
| સોયાબીન | ૬૧૫ | ૭૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૬ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૩૬ |
| ચણા | ૯૫૦ | ૧૦૮૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૭૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૯૫૦ | ૧૧૫૦ |
| મગફળી | ૫૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૬ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૨૮૧ |
| તુવેર | ૯૦૧ | ૧૪૩૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૧૧ |
| શિંગ ફાડા | ૮૦૧ | ૧૧૧૧ |
| મેથી | ૮૦૦ | ૯૦૧ |
| જીરૂ | ૩૫૫૬ | ૩૫૫૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૫૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૧ |



લાગે તો તીર : - એટલે તારે આવા દાડાના દુઃખીયાને બચાવવા અમેરિકા જાવું છે?
06

# રેવડીઓની લહાણી ખરાબ નથી.............



બ્રેકિંગ પોઈન્ટ



નેહા શર્મા

દિલ્હીમાં અંતે કેજરીવાલ હારી ગયા.

દિલ્હીના હાઈ વોલ્ટેજ ઈલેક્શન જંગમાં આમ આદમી પાર્ટીને પછાડીને ભાજપ ૨૭ વર્ષ પછી ફરી સત્તા કબજે કરવામાં સફળ થયો છે. છેલ્લી બે ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલે ભાજપને કારમી હાર આપેલી અને પછી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ સત્તા કબજે કરી એ જોતાં ભાજપ માટે કેજરીવાલની પાર્ટીને હરાવવાનું કપરું લાગતું હતું પણ ભાજપે કેજરીવાલ સરકારના ભ્રષ્ટાચાર અને દિલ્હીના લોકોને વચનોની લહાણી કરીને જીત મેળવી ને કેજરીવાલના શાસનમાંથી દિલ્હીની જનતાને મુક્તિ અપાવી છે.

દિલ્હી ૧૯૯૩માં રાજ્ય બન્યું પછી યોજાયેલી પહેલી ચૂંટણીમાં ભાજપે ૭૦માંથી ૪૯ બેઠકો જીતીને સરકાર બનાવેલી પણ પછી ભાજપનું પતન થઈ ગયું. મદનલાલ ખુરાના ભાજપના પહેલા મુખ્યમંત્રી બનેલા પણ ભાજપના ધારાસભ્યોએ તેમની સામે બળવો કરી નાંખેલો. આ ઓછું હોય તેમ હવાલા કૌભાંડમાં તેમનું નામ બહાર આવતાં ભાજપે ખુરાનાને બદલીને સાહિબસિંહ વર્માને મુખ્યમંત્રી બનાવેલા.

વર્મા વર્સીસ ખુરાના જૂથ વચ્ચે તકરાર ચાલુ હતી ત્યાં ૧૯૯૮માં અચાનક ડુંગળીના ભાવ વધવા માંડ્યા અને કિલોના ૬૦ રૂપિયા થઈ ગયા. વર્મા ડુંગળીના વધતા ભાવને રોકી ના શક્યા તેમાં તેમની સામે અસંતોષ ઉભો થતાં ચૂંટણીના દોઢ મહિના પહેલાં ભાજપે સુષ્મા સ્વરાજને ગાદી સોંપેલી. સુષ્મા લોકપ્રિય હતા પણ તેમના માટે રાત થોડી ને વેશ ઝાઝા હતા તેથી ભાજપને ના જીતાડી શક્યા. શીલા દિક્ષીતના નેતૃત્વમાં કોંગ્રેસ જીતી ગઈ ને શીલા દિક્ષીત પણ પૂરા ૧૫ વર્ષ ટક્યા. શીલા દિક્ષીત પણ કોમનવેલ્થ ગેમ્સ વિલેજ બનાવવાના ભ્રષ્ટાચારમાં હાર્યા ને અરવિંદ કેજરીવાલ આવ્યા.

૧૯૯૮થી સળંગ ૧૫ વર્ષ માટે કોંગ્રેસના શીલા દિક્ષીત મુખ્યમંત્રીપદે રહ્યા પછી આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલનો યુગ શરૂ થયેલો. કેજરીવાલે નવીસવી બનાવેલી આમ આદમી પાર્ટી ૨૦૧૩ની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી નહોતી મેળવી શકી તેથી કોંગ્રેસના ટેકાથી બનાવેલી સરકાર બનાવવી પડેલી. આ સરકાર માત્ર ત્રણ મહિનામાં ઘરભેગી થયેલી પણ ૨૦૧૫માં કેજરીવાલે ૭૦માંથી ૬૭ બેઠકો જીતીને ભવ્ય પુનરાગમન કર્યું. ૨૦૨૦માં ફરી ૭૦માંથી ૬૨ બેઠકો જીતીને બે તૃતિયાંશ બહુમતી સાથે કેજરીવાલ ત્રીજી વાર મુખ્યમંત્રી બન્યા. કેજરીવાલે છેલ્લે છેલ્લે રાજીનામું આપીને આતિશીને ગાદી પર બેસાડેલા પણ છેલ્લા સળંગ ૧૦ વર્ષથી આમ આદમી પાર્ટીનું શાસન હતું તેથી ભાજપ દિલ્હીમાં ૨૭ વર્ષથી સત્તાથી વંચિત હતો.

ભાજપનો વનવાસ પૂરો થયો છે.

■■■

દિલ્હીની ચૂંટણી ટ્રેન્ડ સેટર છે.

ભારતના રાજકારણમાં લાંબા સમયથી સરકારી તિજોરીમાંથી લોકોને સીધા રૂપિયા આપીને ચૂંટણી જીતવાનો ટ્રેન્ડ આવી જ ગયેલો છે પણ દિલ્હીની ચૂંટણીમાં આ ટ્રેન્ડ પરાકાષ્ઠા પર હતો. દિલ્હીમાં આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને ભાજપ એમ ત્રણ પક્ષો વચ્ચે જંગ હતો. ફ્રીબીઝ એટલે કે મફતિયા ચીજોની લહાણી કરવાની ત્રણેય પક્ષો વચ્ચે હોડ જામી હતી.

ભાજપ, કોંગ્રેસ ને આપના ચૂંટણી વચનો પર નજર નાંખશો તો આખી વાત સમજાશે.

કોંગ્રેસે યુવાનો અને મહિલાઓને ટાર્ગેટ કરી હતી. યુવાનોને ખુશ કરવા 'યુવા ઉડાન યોજના' હેઠળ બેરોજગાર યુવાનોને એક વર્ષ સુધી મહિને ૮,૫૦૦ રૂપિયા આપવાનું કોંગ્રેસે વચન આપેલું. આ ઉપરાંત યુવાનોને સ્થાનિક ઉદ્યોગોમાં એપ્રેન્ટિસશિપનું પણ વચન આપેલું. મહિલાઓને આકર્ષવા 'પ્યારી દીદી યોજના' અમલમાં મૂકવાનું વચન અપાયેલું. આ યોજના હેઠળ ઓછી આવક ધરાવતા પરિવારોની મહિલાઓને મહિને ૨,૫૦૦ રૂપિયા આપવાનું વચન અપાયેલું. આ સિવાય દરેક પરિવારને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી, તમામ રહેવાસીઓને ૨૫ લાખનું આરોગ્ય વીમા કવચ અને દરેક ઘરમાં ૫૦૦ રૂપિયાની સબસિડીવાળા ગેસ સિલિન્ડર આપવાનું વચન પણ કોંગ્રેસે આપ્યું હતું.

અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી દિલ્હીમાં મફત વીજળી, પાણી અને મોહલ્લા ક્લિનિક્સ દ્વારા આરોગ્ય સેવા તો આપે જ છે. આ સિવાય 'કેજરીવાલ કી ગેરંટી'ને નામે 'મહિલા સન્માન યોજના' હેઠળ મહિલાઓને માસિક ૨,૧૦૦ રૂપિયા આપવાનું વચન અપાયેલું. 'સંજીવની યોજના' હેઠળ ૬૦ વર્ષથી વધુના લોકોને મફત સારવાર, દિલ્હીના જળ સંકટનો નિવેડો અને બાકી બિલ ભરવામાંથી મુક્તિ જેવા વધારાના વચનો આપ્યા હતા.

ભાજપ આ બધાથી ચડિયાતો સાબિત થયો.

■■■

ભાજપે ખેરાતોના વચનોમાં કોઈ કસર નહોતી છોડી.

મહારાષ્ટ્રમાં મહિલાઓને દર મહિને ચોક્કસ રકમ આપવાનું વચન ફળ્યું પછી હવે ભાજપનું ચૂંટણી જીતવાનું મુખ્ય હથિયાર જ મહિલાઓના ખાતામાં રકમ ટ્રાન્સફરનું છે. દિલ્હીમાં ભાજપે એ જ દાવ ખેલીને મહિલા સન્માન યોજના હેઠળ દરેક મહિલાને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાનું વચન આપી દીધેલું. આ સિવાય બીજા પણ વચનો અપાયેલા ને તેના માટે ભાજપે ત્રણ તો સંકલ્પપત્ર બહાર પાડેલા.

ભાજપા પ્રમુખ જે.પી. નડ્ડાએ પહેલા સંકલ્પ પત્રને 'વિકસિત દિલ્હીનો પાયો' ગણાવીને મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા, ગરીબ પરિવારોને સિલિન્ડર પર ૫૦૦ રૂપિયા સબસિડી, હોળી-દિવાળી પર એક-એક સિલિન્ડર મફત, માતૃ સુરક્ષા વંદના યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ૨૧,૦૦૦ રૂપિયા અને ૬ પોષણ કિટ આપવાનું એલાન કરેલું. આ ઉપરાંત ૬૦-૭૦ વર્ષના લોકોનું પેન્શન ૨૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦ રૂપિયા કરવાનું તેમજ વિધવાઓ, વિકલાંગો અને ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને ૩૦૦૦ રૂપિયાનું પેન્શન આપવાનું વચન પણ અપાયેલું. અટલ કેન્ટીન યોજના હેઠળ ગરીબ એટલે કે ઝૂંપડપટ્ટીમાં રહેતાં લોકોને ૫ રૂપિયામાં પૌષ્ટિક ભોજન આપવામાં આવશે એવું વચન પણ અપાયું હતું.

ભાજપે એ વાત પર ખાસ ભાર મૂકેલો કે, મફત વીજળી, બસ અને પાણીની આમ આદમી પાર્ટી સરકારની યોજનાઓ તો ચાલુ જ રહેશે.

ભાજપે બીજા સંકલ્પ પત્રમાં ગરીબ વિદ્યાર્થીઓને કેજી થી પીજી સુધી મફત શિક્ષણ, યુપીએસસીની પરીક્ષા આપનાર ઉમેદવારોને ૧૫ હજાર રૂપિયાની સહાય, પોલિટેકનિક અને સ્કિલ કેન્દ્રોના દલિત એસસી વિદ્યાર્થીઓને બાબાસાહેબ આંબેડકર સ્કોલરશિપ હેઠળ ૧,૦૦૦ રૂપિયાનું માસિક સ્ટાઈપેન્ડ આપવાનું વચન આપેલું.

આ ઉપરાંત ઘરોમાં કામ કરતી ઘરઘાટી મહિલાઓના ભલા માટે બોર્ડની રચના તથા તેમને ચાલુ પગારે છ મહિનાની મેટરનિટી લીવ આપવાનું વચન અપાયેલું. ઘરઘાટીઓ અને ઓટો-ટેક્સી ડ્રાઈવરોને રૂપિયા ૧૦ લાખનો વીમો અને રૂપિયા ૫ લાખનું અકસ્માત કવર સહિતના વચનો પણ અપાયેલા.

અમિત શાહે બહાર પાડેલા ત્રીજા સંકલ્પ પત્રમાં રીયલ એસ્ટેટ કામદારોને વચનોની લહાણી કરાઈ હતી. સ્વતંત્ર કોન્ટ્રાક્ટરો, કામદારોને ૨૫ લાખનો જીવન વિમો અને ૫ લાખનો અકસ્માત વિમો, બાંધકામ કામદારોને ૧૦,૦૦૦ રૂપિયા સુધીની ટૂલકિટ, ૩ લાખ રૂપિયા સુધીની લોનનાં વચન અપાયેલા. યુવાનો માટે ૫૦,૦૦૦ સરકારી નોકરીઓ, ૨૦ લાખ રોજગાર અને સ્વરોજગારની તકો, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મેટ્રોમાં મફત મુસાફરી સહિતના સામાન્ય વચનો પણ અપાયેલા.

ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના વચનોમાંથી લોકોને ભાજપના વચનો પર વધારે વિશ્વાસ બેઠો તેથી ભાજપ જીતી ગયો.

■■■

દિલ્હીની ચૂંટણીથી ભારતમાં ફ્રીબીઝ યુગ કાયમી થઈ ગયો છે.

રાજકારણીઓ દ્વારા મફતમાં વસ્તુઓ કે સેવાની લહાણી, રોકડ રકમ ટ્રાન્સફર કરવાની જાહેરાતો લાંબા સમયથી થાય છે પણ દિલ્હીમાં તો આખી ચૂંટણી જ ફ્રીબીઝના મુદ્દા પર લડાઈ હતી.

રાજકીય વિશ્લેષકો આ ટ્રેન્ડને ખરાબ ગણે છે પણ વાસ્તવમાં આ ખરાબ બાબત નથી. તેમનું કહેવું છે કે, આડકતરી રીતે રાજકીય પક્ષો મતદારોને નાણાંની લાલચ આપીને મતો ખરીદે છે તેથી લોકશાહી માટે આ સારી વાત નથી. આ દલીલ સાચી છે પણ આવું વરસોથી ચાલે છે. વરસોથી આ રીતે મતો ખરીદાય છે, ફરક એટલો છે કે, પહેલાં બધું ખાનગીમાં થતું ને હવે જાહેરમાં થાય છે, રાજકીય પક્ષો સરકારી તિજોરીના નાણાંથી મતો ખરીદે છે.

પહેલા ચૂંટણીના બે-ચાર દિવસ પહેલા ગરીબોને રોકડ રકમ વહેંચાતી, મહિલાઓને સાડીઓ અપાતી, ચવાણાના પેકેટ કે કરિયાણાની કિટો અપાતી, પુરૂષોને દારૂ પીવડાવાતો. એ બધું મત મેળવવા કરાતું હતું તેથી મતો ખરીદવાનું ચલણ નવું નથી.

ફ્રીબીઝ અથવા રેવડીના નવા ચલણના કારણે એ બધાના બદલે મહિલાઓ અને યુવાનોને સીધી સહાય અપાય છે. મહિલાઓ તેમને મળતા નાણાં ઘરખર્ચમાં જ વાપરતી હોય છે તેથી સરકારી તિજોરીના નાણાંનો સારો ઉપયોગ થઈ રહ્યો છે. આ ટ્રેન્ડના કારણે પરિવારો ગૌરવભેર જીવતા થયા છે એ મોટો ફાયદો છે. રાજકારણીઓ કે અધિકારીઓ ભ્રષ્ટાચાર કરીને નાણાં ખાઈ જાય, ધનિકોને ફાયદો અપાવે તેના કરતાં ગરીબો સુધી એ નાણાં જાય એ સારું જ છે.

વિકાસના કામો માટે નાણાં ઓછાં થાય છે એવી દલીલ થાય છે પણ તેનો ઉપાય કરચોરી રોકીને સરકારની આવક વધારવાનો છે તેથી આ ટ્રેન્ડને બહુ વખોડવા જેવો નથી.

■ sanjogpurti@gmail.com

# કક્કો શીખવવા વિષે શીખવા જેવું




ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

ગુજરાતી ભાષા શીખવનારે ગુજરાતી કક્કાના સાચા ઉચ્ચારો કરી, વિદ્યાર્થીઓને સાચા ઉચ્ચારો શીખવવા જોઈએ. એ ઉચ્ચારણમાં અઘરા ધ્વનિઓમાં 'સ', 'શ', અને 'ષ' છે અને 'ચ','છ', 'જ', 'ઝ', પ્રમાણમાં સહેલા છે તેમ છતાં 'જ'-'ઝ', 'ચ'-'છ', અને 'છ'-'સ' સમાન રીતે ઉચ્ચારી લોકો કક્કાની અધુરી કેળવણી અભિવ્યક્ત કરે છે. એટલે સાચા ઉચ્ચારથી વાકેફ થવા પ્રયત્ન કરીએ. આજે એ વિષે વાત કરીએ.

'સ', 'શ', અને 'ષ' એ અનુક્રમે દન્ત્ય, તાલવ્ય અને મૂર્ધન્ય સંઘર્ષી વ્યંજનો છે. આ ધ્વનિઓના ઉચ્ચારણ વખતે ઉચ્ચારણ અંગો સંકોચાયને હવાનો એવો અવરોધ કરે છે, કે ઉચ્છ્વસિત હવા સંઘર્ષ પામે છે, અને સામાન્ય રીતે સિસોટી વાગવા જેવા અવાજ સાથે આ ધ્વનિઓ ઉચ્ચારાય છે. 'સ' દન્ત્ય સંઘર્ષી છે, તેના ઉચ્ચારણ વખતે જીભ દાંતની નજીક રહે છે, અને હવા દાંત સાથે સંઘર્ષ પામે છે. 'સ'નું ઉચ્ચારણ અન્ય સંઘર્ષી વ્યંજનોના પ્રમાણમાં આપણે સાચું કરીએ છીએ. 'શ' અને 'ષ' થોડા અઘરા ઉચ્ચારો છે. 'ષ' મૂર્ધન્ય સંઘર્ષી છે. આપણા ઉપલાં જડબામાં, દાંતની ઉપરના અંદરના ભાગમાં સહેજ કરકરિયા જેવી રચના છે, સંસ્કૃતમાં એને મૂર્ધા કહેવાય છે. (એના પરથી મૂર્ધન્ય શબ્દ આવ્યો છે.) ઉચ્છ્વસિત હવા આ મૂર્ધા પાસે સંઘર્ષ પામે ત્યારે આ 'ષ'નું ઉચ્ચારણ થાય છે. 'શ', અને 'ષ' માં આ 'ષ' આપણે વધુ બોલીએ છીએ.(તાલવ્ય 'શ'ના ઉચ્ચાર કરતાં આ સહેલો છે એટલે.) જે તાલવ્ય સંઘર્ષી 'શ' છે, તે તાળવા સાથે સંબંધિત છે. 'શ' ના ઉચ્ચાર માટે ઉચ્છ્વસિત હવા તાળવા પાસે સંઘર્ષ પામે એ જરૂરી છે. આ રીતે ઉચ્ચારણ કરવાની બધાને ટેવ નથી હોતી એટલે 'શ' સાચી રીતે બધાથી બોલાતો નથી. જીભના ટેરવાને મૂર્ધાથી થોડું વધુ તાળવા તરફ વાળી હવાને તાળવા પાસે સંઘર્ષિત કરાવી આ ધ્વનિ સાચો ઉચ્ચારી શકાય છે. (પ્રયત્ન કરી જૂઓ, મજા આવશે.) પ્રો.ડૉ.વિનોદ જોશી આ સંઘર્ષી વ્યંજનો ભણાવતી વખતે રાજેન્દ્ર શાહના ''શ્રાવણી મધ્યાહ્ને'' કાવ્યની પંક્તિ આપી ઉચ્ચાર કરવાનું કહેતા અને શરત મૂકતા કે જો કોઈ વિદ્યાર્થી આ પંક્તિનો સાચો પ ાઠ કરશે તો આખા ક્લાસને આઈસક્રીમ મળશે! એ પંક્તિ હતી: ''એનું કશું શિખર શીર્ષ સલિલ શ્યામ.'' (તમે પણ પ્રયત્ન કરી જુઓ, મજા આવશે)

■ naranbaraiya277@gmail.com

# પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫



સામાજિક અને શૈક્ષણિક



વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ બોર્ડ પરીક્ષા પૂર્વે દેશના વિવિધ રાજ્યોમાં આવેલી શાળાઓના બાળકો સાથે તનાવમુક્ત પરીક્ષા કઈ રીતે આપવી તે વિશે વિશેષ માર્ગદર્શન આપે છે.

બોર્ડ પરીક્ષા એ જીવનનો અંતિમ માર્ગ નથી. જીવનમાં ડગલે અને પગલે પરીક્ષા આવતી જ રહે છે અને આવવાની છે. તેને પડકાર સમજી સામનો કરીએ. આત્મવિશ્વાસ અને અતૂટ શ્રદ્ધા દ્વારા પરીક્ષા આપવાથી સારું પરિણામ પ્રાપ્ત થાય છે. આજે કેટલાક હોશિયાર બાળકો ભણવામાં તેજસ્વી હોય અને બોર્ડ પરીક્ષા આવે તે સમયગાળા દરમિયાન તનાવમાં આવી જાય છે. જે તૈયારી કરી હોય તે ભૂલી જાય અને છેલ્લે નિષ્ફળ રહેતા હોય છે. તેવા સમયે આદરણીય પ્રધાનમંત્રીનું પ્રેરક ઉદ્‌બોધન અને માર્ગદર્શન વિદ્યાર્થીઓ માટે સંજીવની સમાન પુરવાર થયું છે.

ઘણા વર્ષોથી દિલ્હીની અંદર બોર્ડ પરીક્ષા પૂર્વે બાળકો સામે જેટલા પણ પ્રશ્નો આવે છે તેનું હકારાત્મક નિરાકરણ લાવવા માટે પ્રયત્ન કરે છે. પરિસ્થિતિ ગમે તેવી હોય પરંતુ આત્મવિશ્વાસ મજબૂત હોય તો સફળતા પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓની અંદર નવજાગૃતિ અને આત્મવિશ્વાસ નિર્માણ કરવા માટે વિશ્વના પહેલા એવા પ્રધાનમંત્રી છે કે જેમને બાળકોની બોર્ડ પરીક્ષાની ચિંતા છે.

બાળકો તનાવમુક્ત વાતાવરણમાં બોર્ડ પરીક્ષા આપી શકે તે માટે વિવિધ દ્રષ્ટાંતો સહિત તેમને માર્ગદર્શન આપે છે. લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દ્રઢ સંકલ્પ અને સકારાત્મક વિચારસરણી તમને સફળતાના માર્ગે લઈ જાય છે. માતા-પિતાને વંદન કરવા, ઊંડા શ્વાસ લેવા, મનન અને ચિંતન કરવું, ગભરાવું નહીં, માતાજીનું સ્મરણ કરવું વગેરે હકારાત્મક વિચારો થકી બોર્ડ પરીક્ષા આપવા માટે તૈયાર રહેવા માર્ગદર્શન આપે છે. તેમના વિચારોમાં અને રજૂઆત કરવાની કલામાં આત્મશ્રદ્ધા જોવા મળે છે. દુનિયાના જેટલા પણ લોકો નિષ્ફળ થયા છે તેઓ પુનઃ વધારે મહેનત કરીને સફળ બન્યા છે. નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. પરંતુ વારંવાર નિષ્ફળ થવું તે સફળતાની ચાવી નથી. તેના માટે કઠોર પરિશ્રમ કરવો પડે. બાળકો તમારી અંદર પડેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાનો સમય છે. પરીક્ષાના સમયે આપ મક્કમ મનથી પરીક્ષા આપશો ચોક્કસ સફળ થશો. આવા ભાવ સાથે તમે બોર્ડ પરીક્ષા આપશો તો તમને સફળતા અચૂક મળશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાનું સુચારુ અમલીકરણ અને આયોજન કરેલ હોય છે. જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર પારદર્શક અને ટેકનોલોજીના માધ્યમ પાટા એપ્લિકેશન દ્વારા ઝોનથી પરીક્ષા કેન્દ્રો સુધી સીલબંધ કવરમાં પેપરો પહોંચે છે. શાંતિપૂર્ણ માહોલમાં ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષા લેવાય છે. તેના માટે તેમનો ભગીરથ પુરુષાર્થ રહેલો હોય છે. દેશના પ્રધાનમંત્રી પરીક્ષાના માહોલને શાંતિપૂર્ણ અને અસરકારક બનાવવા માટે પોતે વિદ્યાર્થીઓ સાથે સીધી ચર્ચા કરે છે. રાજ્યના બંને શિક્ષણપ્રધાન તેમજ મુખ્યમંત્રી પણ બાળકોની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. બાળકોમાં હકારાત્મક ભાવ કેળવાય તે જરૂરી છે. માન્ય પ્રધાનમંત્રીનું એકઝામ વોરિયર્સ પુસ્તક દરેક શિક્ષક મિત્રોએ વાંચવા જેવું છે. મોટાભાગના પ્રશ્નો તનાવના હોય છે. એવા સમયે આત્મવિશ્વાસ અને હકારાત્મક ભાવ થકી પરીક્ષા આપો તો તમે ચોક્કસ સફળ થશો.

દુનિયાના જેટલા પણ મહાપુરુષો સફળ થયા છે. તેમની કઠોર મહેનત અને આયોજનબદ્ધ લેખન, વાંચન અને પૃથ્થકરણ રહેલું છે. પાઠ્યપુસ્તકના વિષય વસ્તુને સમજી વિચારી માગ્યા મુજબ જવાબ આપવામાં આવે તો પેપર ચેક કરનાર ઉપર તેની હકારાત્મક અસર પડે છે. દેશના કરોડો બાળકોના ભવિષ્યનો સવાલ હોય ત્યારે પ્રધાનમંત્રી જો રસ લેતા હોય તો આપણે પણ એક શિક્ષક તરીકે પરીક્ષાના માહોલમાં વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ મજબૂત થાય તેવા ભગીરથ પ્રયાસ કરવા જોઈએ એવું હું અંગત રીતે માનું છું. પરીક્ષા ઉત્સાહપૂર્વક આપવી. તનાવ તો આવવો જ ના જોઈએ. સ્વામી વિવેકાનંદના પ્રિય વાક્ય મુજબ, 'મારા યુવાનો ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.'

■ Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



બજારમાંથી તૈયાર લાવેલા અને ઘઉં દળાવીને લાવેલા લોટમાં શું ફેર હોય છે?

ખરેખર તો કોઈ ફેર હોવો જોઈએ નહીં પરંતુ જોખમો આ પ્રકારના છે એમાં

બજારમાંથી તૈયાર લાવેલો લોટ કયા પ્રકારના ઘઉંનો હશે તેની ખાતરી ન આપી શકાય.

એ ઘઉં આપણને માફક આવે એવા હોય કે નહીં તેની ખાતરી ન આપી શકાય.

લોટ કેટલો વાસી છે કે તાજો તેની ખબર ન પડે.

એમાં ભેળસેળ થયેલી છે કે કેમ એની પણ ખબર ન પડે.

મોંઘું પડે તે તો ખરું જ.

આવા બધા કારણોને લીધે લોટ તૈયાર લાવવા કરતા દળાવવું સારું.

જુદી જુદી વાનગીઓના ઈન્સ્ટન્ટ મિક્સ મળે છે તે વાપરવા જોઈએ કે નહીં?



વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

ન વાપરવા જોઈએ કારણ કે, તેમાં જુદી જુદી જાતની પ્રક્રિયાઓ કરેલી હોય છે. એ બધી પ્રક્રિયાઓ સ્વાભાવિક અને પ્રાકૃતિક હોતી નથી વળી તેમાં રસાયણોનો ઉપયોગ થયેલો હોય છે. આ રસાયણો પણ આપણા સ્વાસ્થ્ય માટે લાભકારી હોતા નથી. ભેળસેળનું અને મોંઘા ભાવનું જોખમ તો ખરું જ. પૈસા ખર્ચીને માંદા પડવાનો ધંધો ગણાય.

ટુ મિનિટ મેગીમાં શું ખોટું છે?

મેગી તો કંપનીનું નામ છે પણ ટુ મિનિટ મેગીના નામે જે પદાર્થ મળે છે તેને નુડલ્સ કહે છે. આપણે એને સેવો કહીએ છીએ. બજારમાં જે નુડલ્સ મળે છે તે મેંદાની હોય છે વળી તેમાં રસાયણો નાખીને પ્રક્રિયા પણ કરેલી હોય છે. મેંદો ચીકણો હોય છે, તે આંતરડામાં ચોંટી જાય છે તેનાથી પાચનતંત્ર બગડે છે તેનાથી આમ ઉત્પન્ન થાય છે. કોલેસ્ટ્રોલ વધારવામાં અને હૃદય રોગ થવામાં એ કારણભૂત બને છે. મેગી નાના મોટા સૌ ખાય છે, બાળકોને તો તેનું વ્યસન થઈ જાય છે પરંતુ અજ્ઞાનને કારણે માત્ર જાહેરાતો જોઈ જોઈને આપણે આપણા સ્વાસ્થ્યને મોટું નુકસાન કરીએ છીએ. નૂડલ્સ અથવા સેવો ઘેર પણ બને છે. પરંપરાથી આપણે ત્યાં સેવો બનતી આવી છે. એની વાનગીઓ પણ પ્રસિદ્ધ છે એ વાનગીઓ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે. સમજદાર લોકોએ સ્વાસ્થ્ય માટે નુડલ્સનો વિકલ્પ વિચારવો જ જોઈએ.

ઘેર બનાવેલા અથવા બનાવી શકાય એવા ઈન્સ્ટન્ટ ફૂડના નામ આપો.

ઈન્સ્ટન્ટ ફૂડ એટલે ઝપાટામાં બની જાય એવી વાનગીઓ. વળી એવી વાનગીઓ જે મુખ્ય ખાણું બની શકે, નાસ્તામાં ચાલી શકે. દાખલા તરીકે ચટણી, રાયતું, મુરબ્બો, શરબત એ ઈન્સ્ટન્ટ ફૂડ ન કહેવાય કારણ કે એ મુખ્ય ખાણુ નથી. ઝપાટામાં બની શકે એટલે કેટલા સમયમાં બને? ટુ મિનિટ મેગીએ એક સમય મર્યાદા તો આપી છે. બે જ મિનિટમાં બની જાય એવી જાહેરાત પણ આપે છે પરંતુ બે મિનિટ વાસ્તવિક બે મિનિટ હોતી નથી એ વાત આપણે જાણીએ છીએ તેથી બનાવવાની શરૂઆત કરીએ ત્યારથી ૧૦ થી ૧૫ જ મિનિટમાં તૈયાર થઈ જાય તેને આપણે સામાન્ય રીતે ઈન્સ્ટન્ટ ફૂડ ગણી શકીએ.

આટલી બાબત સમજી લઈને હવે ઈન્સ્ટન્ટ ફૂડ ની વાનગીઓની આ યાદી ઉપર નજર નાખીએ કુલેર, સુખડી, શીરો, બટેટા પૌવા, ઉપમા, ખાંડવી, પુડલા, ભાખરી, ખીચું, સિંગ-તલ-દાળિયા, વગેરેની ચીકી, ઓસાવેલી સેવ, ભજીયા, વઘારેલા મમરા, પુરી, રાબ, બટેકાની સુકી ભાજી, થેપલા, દુધીની ખીર, ફળોનું લીંબુ, મરી અથવા દહીં નાખેલું રાયતુ, મમરાની ચટપટી, કંસાર, ગળી પુરી કે ભાખરી, બાફેલી મગફળી, દાળિયાનો લાડુ, માલપુવા, ચણાના લોટની ઢોકળી આ યાદીને કુશળ ગૃહિણીઓ ઘણી મોટી બનાવી શકે છે. વળી એટલી બધી વસ્તુઓ હોય છે કે જેનાથી તરતો તરત કોઈ વાનગી બની જાય છે દાખલા તરીકે વડી, પાપડ, સેવ, ખાખરા વગેરે.

રસોઈ કરવામાં બળતણનું શું મહત્વ છે?

રસોઈ કરવા માટે લાકડા, કોલસા, છાણા, કેરોસીનનો સ્ટવ, ગેસ, વીજળી, માઈક્રોવેવ, સૂર્યની ગરમી વગેરે જુદા જુદા પ્રકારનું બળતણ વપરાય છે. તૈયાર થતા પદાર્થની ગુણવત્તાની દ્રષ્ટિએ વિચાર કરીએ તો આ પ્રમાણે ક્રમ આવે. (ક્રમશઃ)

hemangidmehta@gmail.com

# એટલે તારે આવા દાડાના દુઃખીયાને બચાવવા અમેરિકા જાવું છે?



"અરે અરે બકા, આમ કોઈ 'દિ ના પહેર્યા હોય એવા કપડાં પહેરીને તું ક્યાં જાય છે? અને આમ તને જાવાની ઉતાવળ કેમ છે ??"

તૈયાર થઈને જઈ રહેલા બકાને રોકતાં બોસે ટકોર કરી. અભણ અમથાલાલને પણ અચરજ થયું.

"બોસ, ક્યાંક હારા કામે જતાં હોઈએ ત્યાં જ તમારો કેંકારો આવી જાય છે. તમને ખબર નથી ? કે, સારા કામે જનારને કેંકારો ના કરાય!! અને તમે છો કે, તમને બોલ્યા વગર હાલતું જ નથી. લ્યો હવે, મને તો અપશુકન કરી દીધા ને."

"તું અને હારું કામ ? બીજા ગામનું પાદર કોઈ 'દિ હારી રીતે ભાળ્યું છે ? તો પછી બીજું હારું કામ તારા માટે કયું હોય છે?"

"બોસ... તમને તો ખબર જ છે કે, ગુજરાતમાં હીરામાં હમણા હમણા મંદીની મોસમ હાલે છે. કપાસ અને માંડવીના ભાવ મળતાં નથી. અને અધૂરામાં પૂરું આ ટ્રમ્પે આપણા હજારો ભારતીયો જેઓ બધું જ વેચીને ગેરકાનૂની રીતે અમેરિકામાં ઘૂસ્યા છે એમને વીણી વીણીને ભારતમાં પાછા ભરતી કરી રહ્યા છે. હવે આવા દિવસોમાં આપણા ભારતીયો જાય તો ક્યાં જાય!?"



લાગે તો તીર..

કાળુભાઇ ભાડ

"એટલે તારે આવા દાડાના દુઃખીયાને બચાવવા અમેરિકા જાવું છે? બકા, ગાંડો થયો કે, થાહ. ઓલ્યો ટ્રમ્પ મોદીનું 'ય માનતો નથી. અને તારી પીપુડી હાંભળશે !?? જોયું નહીં. એનાં શપથવિધિ સમારોહમાં મોદીને ના બોલાવીને ભારતનું નાક કાપ્યું 'તું. તું ન્યા જઈને કરીશ શું? "

"તમે તો ભાઈ ભારે ઉતાવળા. મારે ન્યા સપનાંમાં 'ય જાવું નથ. અને જેણે કર્યું છે ઈ ભોગવે. આપણે એમાં પડવું નથ."

"તો પછી તું આવો તૈયાર થઈને જાય છે ક્યાં ?"

"મારે હવે મુંબઈ જાવું છે." "કેમ તારે મુંબઈ જાવું છે? મુંબઈ વાળા હીરાના શેઠીયાઓ સુરતમાં બનેલા ડાયમંડ બુર્સમાં આવે છે અને તારે હીરા ઘસવા મુંબઈ જાવું છે ?"

બકો હવે અકળાણો. "બોસ... મારે મુંબઈ હીરા ઘસવા નથી જાવું. મારે ફિલમની લાઈનમાં જાવું છે. તમે જોયું નહીં. એક એક ફિલમના એકટરો ચાલીસ ચાલીસ કરોડ રૂપિયા લે છે."

હવે અભણ અમથાલાલનો વારો આવ્યો.

"બકા, તારી જાણ ખાતર કહી દઉં કે, ચાલીસ કરોડ લેનાર ભાઈ માણહ નહીં. પણ, બાઈ માણહ છે."

"અરે, ભલેને બાઈ માણહ હોય. હવે ફિલમવાળા ભાઈ માણહ કે બાઈ માણહ ક્યાં જૂએ છે ? એ તો ભાઈ માણહને 'ય બાઈ માણહ બનાવી નાખે છે અને હારા હારા બને 'ય છે."

બોસે વચ્ચે ટાપસી પૂરી.

"બકા, ઈ હારા હારા અને તારામાં ઘી અને ઘાસલેટમાં ફેર, એટ્લો જ ફેર."

"તે ભલે ને હોય..!! બોવ બોવ તો એની ઉપર ધોધમાર વરહશે. પણ, આપણી બાજું વાછટ તો આવશે ને."

"બકા, ન્યાં તારી જેવા કેટલાંય વાછટીયા આંટાફેરા મારે છે એમાં તારો વારો આવશે ?"

"તમે પેલાં ઈ કયો કે, તમે ઉપરનો ફોટો જોયો ??"

"એમાં વળી શું જોવાનું? હશે કોઈક ભીખારી."

"બોસ, ફોટો બરાબર જૂઓ. ભીખારી લાગે છે?"

"તો પછી લાગે છે તો આદીમાનવ જેવો. એટલે આદીમાનવ જ હશે. પણ, એ આદીમાનવ આપણી માણસોની વસાહતમાં શું કરી રહ્યો છે?

ભૂલો તો નથી પડયો ને !! કે પછી, ટ્રમ્પે આને વિમાનમાં તો નથી બેસાડી દીધો ને !! ન્યાં બબ્બે ભેગા ન થાય એટલે."

"બોસ બોસ. હજીય તમે ખાંડ ખાવ છો. ટ્રમ્પ આવા આદીમાનવને શા માટે મોકલે ? એવાંની તો ન્યાં જરૂર છે અને તમારી જાણ ખાતર કહી દઉં કે, આ કોઈ આદીમાનવ નથી. હા, એ દેખાવમાં લાગે છે આદીમાનવ. પણ એ રીલ લાઈફમાં આદીમાનવ છે. પણ, રીયલ લાઈફમાં માણસ છે."

વચ્ચે જ અભણ અમથાલાલ બોલ્યા.

"ભાઈ તમે ભલે રીયલ લાઈફમાં માણસ કહો. પણ, એના કામ આદીમાનવથી જરાં 'ય કમ નથી. યાદ છે? એમણે ફિલ્મ પી.કે. બનાવી હતી. એમાં ન્યૂડ રોલ ભજવ્યો હતો."

"અમથાલાલ એ ફિલ્મ હતી. અને આ રીયલ લાઈફ છે."

"હા, ભઈ મને ખબર છે. પણ, મને એ 'ય ખબર છે કે, જે માનવ પોતાની સગી દીકરીને (રીયલ લાઈફમાં) બે અંડર ગારમેન્ટમાં જોઈને તાળીઓ પાડતો હોય અને શાબાશી આપતો હોય. અને કપડાં બદલે એમ બાયડી બદલતો હોય એ માનવી આદીમાનવ જ હોય."

"તમે તો અમથાલાલ ભારે બધું યાદ રાખો છો. આના માટે હું કાન પકડું છું."

હવે બોસથી રહેવાયું નહીં.

"બકા, તું પેલા ઈ કે, તું તૈયાર થઈને જાય છે ક્યાં?"

જૂઓ.., આ આદીમાનવ આમીરખાન છે. અને સમજો. એને આ લાઈફ પસંદ પડી ગઈ. તો ફિલ્મ લાઈનમાં એક જગ્યા પડશે ને !! આ જગ્યા માટે હું મુંબઈ જઈ રહ્યો છું. હવે મને ઓલ ધ બેસ્ટ તો કહો.

kalubhaibhad123@gmail.com

# Happy Birthday...અમદાવાદ

- નગીના વાડી :



કાંકરિયા તળાવની વચ્ચોવચ આવેલો બાગ નગીનાવાડી તરીકે ઓળખાય છે. જ્યાં જવા માટે તળાવના એક છેડેથી પ્રવેશીને તળાવની વચ્ચોવચ નગીના વાડી સુધી જઇ શકાય છે. તળાવની મધ્યના આ ગોળાકાર ટાપુ પર એક નાનકડો મહેલ છે. જ્યાં સંગીતના તાલે નાચતા ફુવારા (મ્યુઝિકલ ફાઉન્ટન)થી નગીના વાડીની શિકલ પલટાઇ ગઇ છે. અહીં ખાણી-પીણીની સુંદર સુવિધા છે. ઉનાળામાં સાંજે તો નગીના વાડીમાં માનવ મેદની ઉમટી પડે છે. સંગીતના તાલે નાચતા ફુવારા પર લેસર લાઇટથી વિવિધ ભાત-આકૃતિઓથી લોકોને ભરપૂર મનોરંજન મળે છે. જે ફુવારાની સામે બનાવેલી બેઠકો પર બેસીને માણી શકાય છે. કાંકરિયા તળાવથી નગીના વાડી સુધી જતા માર્ગની બંને બાજુ લીલી સુંદર હરિયાળી છે અને બેઠક વ્યવસ્થા પણ શણગારેલી છે.

- બાલવાટિકા :



બાળકોને સંપૂર્ણ મનોરંજન પૂરું પાડતી બાલવાટિકા એક પાર્ક છે, જે પાછળથી જવાહરલાલ નહેરુ પાર્કના નામે ઓળખાવા લાગી હતી. બાલવાટિકામાં અરીસા-ઘર, બોટ-હાઉસ, સ્મૃતિ કક્ષ અને પ્લે હાઉસ તેમજ બાળકોને ખૂબ મનોરંજન મળી રહે તેવાં અનેક આકર્ષણો છે.

- કાંકરિયા પ્રાણી સંગ્રહાલય :




૨૧ એકરમાં ફેલાયેલા કમલા નહેરુ પ્રાણી સંગ્રહાલયનું નિર્માણ ૧૯૫૧માં રુબિન ડેવિડે કર્યું હતું. આ પ્રાણી સંગ્રહાલય ૧૯૭૪માં એશિયાના તમામ પ્રાણી સંગ્રહાલયોમાંનું શ્રેષ્ઠ ઝૂ ગણાયું હતું. જેમાં ૫૦૦ સસ્તન, ૧૦૦૦ ઉપરાંત પક્ષી, ૧૬૦ સરિસૃપ પ્રાણીનો સમાવેશ થાય છે. જેમાં વાઘ, સિંહ, અજગર, સાપ, હાથી જેવા જંગલી પ્રાણીઓ, વાંદરા, મોર, હરણ, ચિંકારા, ઈમુનો સમાવેશ થાય છે. ૧૯૭૪માં રુબિન ડેવિડને આ પ્રાણી સંગ્રહાલય માટે પદ્મશ્રીનો એવોર્ડ એનાયત કરાયો હતો.

- અટલ પેડેસ્ટ્રિયન બ્રિજ :



અટલ પેડેસ્ટ્રિયન બ્રિજ એ સાબરમતી રિવરફ્રન્ટ પર આવેલો પદયાત્રી બ્રિજ છે. તેમાં પતંગો પ્રેરિત ડિઝાઈન કરાયેલી છે. આ બ્રિજ ૩૦૦ મીટર લાંબો અને ૧૦થી ૧૪ મીટર પહોળો છે. સરદાર બ્રિજ અને ઍલિસબ્રિજની વચ્ચે આવેલા આ બ્રિજને શહેરમાં યોજાતા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવથી પ્રેરિત કરાયો છે.



જીવન તરંગ

જયસ્વી પટેલ

- ગાંધી આશ્રમ :



સાબરમતી આશ્રમ જે હરિજન આશ્રમ, ગાંધી આશ્રમ કે સત્યાગ્રહ આશ્રમના નામે ઓળખાય છે. સાબરમતી નદી કિનારે આવેલો આ આશ્રમ અંગ્રેજો સામેના સત્યાગ્રહની છાવણી તરીકે જાણીતો છે. ગાંધીજીનું આઝાદી પહેલાંનું રહેઠાણ ગણાતા આ આશ્રમથી જ ગાંધીજીએ આઝાદીની ચળવળ શરુ કરી હતી. ગાંધીજી સાંજના સમયે સાબરમતીના કિનારે બેસી પ્રાર્થના કરતા હતા. મીઠાના સત્યાગ્રહ માટે ગાંધીજીએ ગાંધી આશ્રમથી જ દાંડીકૂચ આરંભી હતી. આજે ય ગાંધી આશ્રમની ગરિમા જળવાયેલી રહી છે, દેશી-વિદેશી લોકો આ આશ્રમની મુલકાત લે છે. અહી ગાંધીજીની જૂની-પ્રાચીન ચીજ-વસ્તુઓ પ્રદર્શનમાં મુકેલી છે.

- ગુજરાત સાયન્સ સિટી :



સરખેજ-ગાંધીનગર હાઈવે નજીક આવેલું ગુજરાત સાયન્સ સિટી મનોરંજન અને અનુભવના જ્ઞાનના ઉપયોગ સાથે સામાન્ય નાગરિકના મનમાં વિજ્ઞાન અંગેની જિજ્ઞાસા ઊભી કરવાનો મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે. ૧૦૭ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા સાયન્ય સિટીનો વિચાર કાલ્પનિક પ્રદર્શનો, વ્યવહારુ વાસ્તવિક પ્રવૃત્તિની જગા અને સહેલાઈથી સમજાય તેવાં જીવંત નિદર્શનના સર્જનનો છે. સાયન્સ સિટીમાં હૉલ ઓફ સ્પેસ, હૉલ ઓફ સાયન્સ, લાઈફ સાયન્સ પાર્ક, ઈલેક્ટ્રોડોમ, પ્લેનેટ અર્થ, ૩-ડી આઈમેક્સ થિયેટર, સંગીતમય નૃત્ય કરતા ફુવારા, ઊર્જા ઉદ્યાન, સ્ટીમ્યુલેશન રાઈડ, એમ્ફી થિએટર, સાયન્સ સિટી ઉદ્યાન વગેરે અબાલ-વૃદ્ધ સૌ માટે જોવા-જાણવા-માણવાલાયક અદ્ભુત સ્થળ બની રહ્યું છે.

- સરદાર પટેલ સ્મારક ભવન :



સરદાર પટેલ સ્મારક એક સંગ્રહાલય અને પ્રદર્શન કેન્દ્ર છે, જે ભારતીય સ્વતંત્રતા કાર્યકર સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત છે. આ મોતી શાહી મહેલ, અમદાવાદના શાહીબાગમાં આવેલો છે, જે સરદાર ઓપન ગાર્ડનથી ઘેરાયેલો છે. સરદાર ઓપનએર થિયેટરમાં પ્રસંગે બગીચામાં ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવે છે. અહીં સરદાર વલ્લભભાઈ પટેલની સુંદર પ્રતિમા છે.

- હઠીસિંહના દેરાં :



હઠીસિંહના દેરાં, જે હઠીસિંહની વાડીના નામે ઓળખાય છે. તેના નિર્માણ માટે ઈ.સ.૧૮૪૮માં ધનવાન જૈન નગરશેઠ હઠીસિંહે આ દેરાંના બાંધકામની યોજના કરી હતી, પણ તેમનું ૪૯ વર્ષે નિધન થતાં, તેમનાં પત્ની શેઠાણી હરકુંવરબાઈએ તેનું બાંધકામ રૂ.૮ લાખમાં પૂર્ણ કર્યું હતું. આ જૈન મંદિરમાં ૧૫મા તીર્થંકર ધર્મનાથ મૂળનાયક છે.

- જુમ્મા મસ્જિદ :

જુમ્મા મસ્જિદ એ અમદાવાદની સૌથી પ્રાચીન મસ્જિદોમાંની એક છે. જે બાદશાહ અહમદ શાહે ઈ.સ.૧૪૨૪માં બનાવડાવી હતી. મસ્જિદના નિર્માણ સમયે એ ભારતની સૌથી મોટી મસ્જિદ હતી. મસ્જિદની પૂર્વમાં અહમદ શાહ, તેમના પુત્ર અને તેમના પૌત્રની કબરો આવેલી છે. જે અહમદ શાહના રોજાના નામે ઓળખાય છે અને નજીકમાં જ તેમનાં પત્નીઓની કબરો આવેલી છે, જે રાણીના હજીરાના નામે ઓળખાય છે.



ઉપરોક્ત જોવા-જાણવા-માણવાલાયક સ્થળો ઉપરાંત અમદાવાદમાં ઝૂલતા મિનારા (કાલુપુર), સ્વામિનારાયણ મંદિર (રિલીફ રોડ), સ્વામિનારાયણ ગાદી સંસ્થાન (મણિનગર), સ્વામિનારાયણ મંદિર (શાહીબાગ), ઈસ્કોન મંદિર (એસજી હાઈવે), સ્મૃતિ મંદિર (ઘોડાસર), કુમકુમ સ્વામિ. મંદિર (મણિનગર), વૈષ્ણોદેવી મંદિર (એસજી હાઈવે), ભાગવત વિદ્યાપીઠ (સોલા), કેમ્પ હનુમાન મંદિર (શાહીબાગ), આદિવાસી સંગ્રહાલય (ગૂજરાત વિદ્યાપીઠ, ઉસ્માનપુરા), સરખેજ રોજા (સરખેજ), કેલિકો મ્યુઝિયમ (શાહીબાગ), પતંગ મ્યુઝિયમ (પાલડી), વિચાર વાસણ મ્યુઝિયમ (વાસણા), રાણીનો હજીરો (માણેક ચોક), રિવરફ્રન્ટ (આખો પટ્ટો), ઓટોવર્લ્ડ વિન્ટેજ કાર મ્યુઝિયમ (કઠવાડા), તિરૂપતિ બાલાજી મંદિર (એસજી હાઈવે), વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (જોધપુર) જેવાં દર્શનીય સ્થાન પણ આવેલાં છે.

sanjogpurti@gmail.com




જેનુ નામે એક છોકરી. નાનકડી ને નમણી. સુંદર અને ચુલબુલી. એક વખત એ રસ્તે જઈ રહી હતી. અચાનક તેની નજર રસ્તામાં પડેલી પેન્સિલ પર પડી. પેન્સિલ ચમકી રહી હતી. ચમકતી પેન્સિલ જોઈ જેનુને નવાઈ લાગી. તેને પેન્સિલ ગમી ગઈ. તેણે પેન્સિલ લેવા હાથ લંબાવ્યો. જેવો એણે હાથ લંબાવ્યો પેન્સિલ કૂદવા ને હસવા લાગી. પેન્સિલ બોલી, "હલ્લો ડીઅર ફ્રેન્ડ જેનુ! હાઉ આર યુ?"

પેન્સિલનો અવાજ સાંભળી જેનુને અચરજ થયું. તેણે પેન્સિલને કહ્યું, "આઈ એમ ફાઈન! એન્ડ હાઉ આર યુ! તું મારી દોસ્ત બનીશ? મને તારી સાથે દોસ્તી કરવી ગમશે."

જેનુની વાત સાંભળી પેન્સિલ રાજીરાજી થતાં બોલી, "હા હા જેનુ! મને પણ તારી સાથે દોસ્તી કરવી ગમશે. આ જોને, કેટલાય દિવસોથી હું આમ રસ્તા વચ્ચે પડી રહી છું. ઠંડીમાં ઠરીને ઠુસ થઈ ગઈ છું. મને પણ તારી સાથે આવવું ગમશે. તું મને તારી સાથે લઈ જા."



રે વાર્તા!

મનીષ સુથાર

પોતાને એક નવી દોસ્ત મળતાં જેનુ રાજીરાજી થઈ ગઈ. એણે પેન્સિલને લઈ લીધી ને ધીમેથી એના દફતરમાં મૂકી દીધી. જેનુને એક નવી દોસ્ત મળી ગઈ હતી. તે ઝડપથી ઘરે પહોંચી. દફતર ખોલ્યું. દફતરમાંથી ઝગમગ ઝગમગ અજવાળું આવી રહ્યું હતું. તેણે હળવેકથી પેન્સિલને બહાર કાઢી. એણે એનું નામ પીકુ પાડ્યું. પોતાનું મસ્ત મજાનું નામ સાંભળી પીકુ હરખાઈ ગઈ.

જેનુએ હોમવર્ક કરવાનું વિચાર્યું. એણે પીકુને કહ્યું, "પીકુ, તું થોડો ટાઈમ બેસ. હું જરા મારું હોમવર્ક કરી લઉં."

પીકુ હસી અને બોલી, "હોમવર્ક! એમાં હું તને જરૂર મદદરૂપ થઈશ. મને કહે તો ખરી તારે શું કરવાનું છે?"

"અરે વાહ પીકુ! તું ખરી દોસ્ત હોં! મારે એક સરસ મજાનું ચિત્ર દોરવાનું છે."

"ચિત્ર દોરવાનું છે એમને! તો ચાલ, કરી લે તૈયારી ને થઈ જા તૈયાર."

જેનુને નવાઈ લાગી. આખરે પીકુ શું કરવાની છે, એ વિચારે તે રોમાંચિત થઈ ગઈ.

"તું મને હાથમાં પકડ ને કાગળ પર મૂક. પછી તારે જે ચિત્ર દોરવું હોય તે મને કહે. અને પછી જો આ પીકુનો જાદુઈ કમાલ !"

હવે જેનુ પણ આતુર હતી. એણે પીકુને હાથમાં પકડીને કાગળ પર મૂકી. અને એને જે ચિત્ર દોરવું હતું તે પીકુને કહ્યું. જેવું જેનુએ કહ્યું, પીકુ તો ચલ પડી. પીકુ કાગળ પર સરરરર સરરરર ફરવા માંડી. ઘડીભરમાં સુંદર મજાનું ચિત્ર દોરીને તૈયાર કરી દીધું. આ જોઈ જેનુને ભારે અચરજ થયું. જેનુ જે કહેતી તે કામ એ પળભરમાં કરી આપતી. સરસ પણ અને સુંદર પણ. જેનુને હવે પીકુ નામે એક જાદુઈ મિત્ર એવી પેન્સિલ મળી ગઈ હતી. હવે જેનુના દરેક કામમાં પીકુ એની સાથે હતી. જેનુ કી પીકુ... ચલતી જાય... ચલતી જાય...!

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# બાંગ્લાદેશ અને ભારત વચ્ચે તણાવ બાદ પ્રથમ વખત ઉચ્ચસ્તરીય બેઠક

(એચ.એસ.એલ),ઢાકા,તા.૧૧

બાંગ્લાદેશ અને ભારત વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, પ્રથમ ઉચ્ચ-સ્તરીય બેઠક થવાની અપેક્ષા છે. ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધોમાં વધુ તણાવ અટકાવવાના પ્રયાસોના ભાગ રૂપે, બાંગ્લાદેશના વિદેશ સલાહકાર મોહમ્મદ તૌહીદ હુસૈન આવતા અઠવાડિયે ઓમાનમાં હિંદ મહાસાગર પરિષદ દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરને મળી શકે છે. આઠમી હિંદ મહાસાગર પરિષદ ૧૬-૧૭ ફેબ્રુઆરીના રોજ મસ્કતમાં યોજાવાની છે.ઓમાનના વિદેશ મંત્રાલયના સહયોગથી નવી દિલ્હી સ્થિત સંશોધન સંસ્થા ઇન્ડિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત, આ પરિષદ પ્રાદેશિક સંવાદ માટે એક મુખ્ય પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. 'પ્રોથમ આલો' અખબારના સમાચાર અનુસાર, કોન્ફરન્સ દરમિયાન બંને નેતાઓ વચ્ચે મુલાકાતનું આયોજન કરવામાં



આવ્યું છે. રવિવારે રાજદ્વારી સૂત્રોએ સંકેત આપ્યો હતો કે બાંગ્લાદેશ આ બેઠકનો ઉપયોગ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં વધુ તણાવ અટકાવવા માટે સંદેશ મોકલવા માટે કરી શકે છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગયા મહિને વિદેશ મંત્રી જયશંકરે બાંગ્લાદેશના વિદેશ સલાહકારને પરિષદમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું. જો હુસૈન અને જયશંકર વચ્ચે પ્રસ્તાવિત બેઠક થાય છે, તો તે પાંચ મહિનામાં તેમની વાતચીતનો બીજો રાઉન્ડ હશે. હુસૈન અને જયશંકર પહેલી વાર ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્ર દરમિયાન ન્યૂયોર્કમાં મળ્યા હતા.

# દિલ્હીમાં કરોડો રૂપિયાની ઓફરનાં આક્ષેપો બદલ કેજરીવાલ સામે કાર્યવાહીની શકયતા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી ચૂંટણીમાં હાર બાદ આમ આદમી પાર્ટી અને તેના નેતાઓની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. મતગણતરીના એક દિવસ પહેલા, આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા ભાજપ દ્વારા ૧૬ ઉમેદવારોને ૧૫ કરોડ રૂપિયાની ઓફર કરીને તેમને મંત્રી બનાવવા બદલ ટૂંક સમયમાં મોટી કાર્યવાહી કરવામાં આવી શકે છે. ભ્રષ્ટાચાર વિરોધી



બ્યુરો (એસીબી) આપ કન્વીનર અરવિંદ કેજરીવાલ અને રાજ્યસભા સાંસદ સંજય સિંહ પર સકંજો કડક કરવાની તૈયારી કરી રહ્યું છે. આ માટે એસીબી દિલ્હી પોલીસને પત્ર લખશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, જો એસીબી દ્વારા મોકલવામાં આવેલી નોટિસનો કોઈ જવાબ ન મળે તો આ પગલું ભરી શકાય છે. જો આપ દ્વારા કોઈ જવાબ નહીં આપવામાં આવે તો એસીબી દિલ્હી પોલીસને પત્ર લખીને આ નેતાઓ સામે કાનૂની કાર્યવાહીની ભલામણ કરશે. ભાજપે આપ નેતાઓ વિરુદ્ધ ફોજદારી માનહાનિની ફરિયાદ પણ દાખલ કરી છે.આ પહેલા ૭ ફેબ્રુઆરીએ એસીબી ટીમ અરવિંદ કેજરીવાલ, સાંસદ સંજય સિંહ અને મુકેશ અહલાવતના ઘરે તપાસ માટે પહોંચી હતી. લગભગ દોઢ કલાક સુધી કેજરીવાલના ઘરની તપાસ કરી, કાનૂની નોટિસ આપી અને ચાલ્યા ગયા. તમને જણાવી દઈએ કે દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોના એક દિવસ પહેલા કેજરીવાલે દાવો કર્યો હતો કે ભાજપ તેમના ધારાસભ્યો અને ઉમેદવારોને ફોન પર ૧૫-૧૫ કરોડ રૂપિયાની ઓફર કરી રહી છે.

# ફરી એકવાર આંદોલનકારી ખેડૂતો ૨૫મી ફેબ્રુઆરીએ દિલ્હી તરફ કૂચ કરશે

ચંદીગઢ,તા.૧૧

દેશમાં ફરી એકવાર ખેડૂત આંદોલન શરૂ થવા જઈ રહ્યું છે. પોતાની માંગણીઓ માટે સતત વિરોધ કરી રહેલા ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી તરફ કૂચ કરવાની વાત કરી છે. કિસાન આંદોલન ૨.૦ માં સામેલ કિસાન મજૂર મોરચા અને સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) એ દિલ્હી તરફ કૂચ કરવાની જાહેરાત કરી છે. આ બંને સંગઠનોનું કહેવું છે કે જો ૧૪ ફેબ્રુઆરીએ ચંદીગઢમાં કેન્દ્ર સરકાર સાથે પ્રસ્તાવિત વાટાઘાટો નિષ્ફળ જાય છે, તો આ સ્થિતિમાં, ૨૫ ફેબ્રુઆરીએ ફરી એકવાર ખેડૂતોનું એક જૂથ શંભુ સરહદથી દિલ્હી તરફ પગપાળા કૂચ કરશે.તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયાની શરૂઆતમાં સરકારે કહ્યું હતું કે પંજાબ અને હરિયાણામાં વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે છઠ્ઠા તબક્કાની વાતચીત ૧૪ ફેબ્રુઆરીએ થશે. કૃષિ રાજ્યમંત્રી રામનાથ ઠાકુરે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

# આહીર યુવા ફોરમ ગાંધીનગર દ્વારા ૨૪મો વાર્ષિક સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

પ્રમુખ-મંત્રી કે કોઈપણ હોદ્દેદારો વગરની ૨૬ વર્ષથી કાર્યરત સંસ્થા, આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા આહીર સમાજના તેજસ્વી તારલાઓનો ૨૪મો સરસ્વતી સન્માન તથા સત્કાર સમારંભ તાજેતરમાં જ ટાઉન હોલ ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગરમાં વસતાં આહીર સમાજના પરિવારોએ વિશાળ



સંખ્યામાં હાજરી આપી હતી. સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા દિપ પ્રાગટ્ય કર્યા બાદ ધોરણ ૧ થી ૧૨ તથા કોલેજ/યુનિવર્સિટી લેવલે વિવિધ ડીગ્રી ડીપ્લોમા પ્રાપ્ત કરેલા ૪૩ તેજસ્વી તારલાઓનું મહાનુભાવોના હસ્તે શિલ્ડ/પારિતોષિક તથા પ્રમાણપત્ર આપીને સન્માન કરાયું હતું. જેમાં વયનિવૃત્ત થયેલ અધિકારીશ્રીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૨૪ ભૂલકાઓએ ડાન્સ/સ્પીચ જેવી વિવિધ કૃતિઓ રજુ કરી હતી. સમારોહના અંતે નાના ભૂલકાઓ દ્વારા સામુહીક ડાન્સ રજુ કરવામાં આવતાં સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠ્યો હતો. આ તમામ બાળકોને ગીફ્ટ આપીને બિરદાવવામાં આવ્યા હતાં.

# જમ્મુ-કશ્મીરનાં બજેટ સત્ર પહેલા અમિતશાહ અને ઓમર અબ્દુલા વચ્ચે મુલાકાત

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૧

જમ્મુ અને કાશ્મીરમાં લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) અને સરકાર વચ્ચે સત્તાના વિભાજન અને સરકારના કામકાજ માટેના નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. ૩ માર્ચથી શરૂ થનારા કેન્દ્રશાસિત પ્રદેશના બજેટ સત્ર પહેલા મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. બંને વચ્ચે સત્તા માળખા સહિત વિવિધ મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા થઈ. કામગીરીના નિયમો લગભગ અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યા છે. આ નિયમો જમ્મુ અને કાશ્મીરમાં ઉપરાજ્યપાલ સામે મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રીઓ અને વહીવટી સચિવોની ભૂમિકાઓ, જવાબદારીઓ અને સત્તાઓ સ્પષ્ટ કરશે.સંસદ ભવનમાં યોજાયેલી બેઠક બાદ સીએમ ઓમરે કહ્યું કે તેઓએ જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની પણ માંગ કરી છે.

# ઉનાના કુખ્યાત બુટલેગરને ગીર સોમનાથ એલસીબી ટીમે અમદાવાદથી દબોચી લીધો

ઉના, તા.૧૧

જુનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી. નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાએ શરીર સંબંધી ગંભીર પ્રકારના ગુનાના કામે તથા પ્રોહીબિશનના ગુનાના આરોપીઓને પકડી પાડવા સુચના આપી છે. જે અનુસંધાને એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ પીએસઆઈ




એ.સી.સિંધવ તથા ટીમના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પીએસઆઈ એ.સી.સિંધવ તથા એ.એસ.આઇ. ગોવિંદભાઈ વંશ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ નટુભા બસીયાએ મળેલી સંયુકત બાતમી હકીકત આધારે તથા એ.એસ.આઇ. રામદેવસિંહ જાડેજાએ ટેકનિકલ સોર્સના આધારે ઉનાનો કૂખ્યાત બુટલેગર રસિક જીણા બળાત્કાર તથા પ્રોહીબીશનના ગુનામાં ગોવા ખાતેથી પ્લેન મારફતે અમદાવાદ એરપોર્ટ આવનાર હોવાની બાતમી મળ્યા બાદ અમદાવાદ ખાતેથી પકડી પાડી કાર્યવાહી કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લામાં પાર્ટી વિરૂધ્ધ ઉમેદવારી કરવા બદલ ભાજપનાં ૩ હોદ્દેદારો સસ્પેન્ડ

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં ચાર નગરપાલિકા અને તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉમેદવારી માટે પોતાની દાવેદારીઓ કરી હતી. જેમાંથી કેટલાક લોકોને ટીકીટ ન મળતા તેઓ નારાજ થયા હતા. જેથી તેઓએ અથવા તેમના પરીવારજનોએ બીજા પક્ષમાંથી અથવા તો અપક્ષમાંથી ઉમેદવારી કરેલી હોય તેઓને ભારતીય જનતા પાર્ટીએ પક્ષ વિરોધી પ્રવૃતિ કરવા બદલ પક્ષનાં પ્રાથમિક સભ્ય પદ સહિત તમામ હોદ્દા પરથી સસ્પેન્ડ કરી દીધા છે. જેમાં જિલ્લા ભાજપ યુવા ઉપપ્રમુખ હિરેનભાઈ પાડા, લાઠી શહેર નગરપાલિકાનાં પૂર્વ સભ્ય કલ્પેશભાઈ મેતલીયા અને રાજુલા શહેરનાં સક્રીય કાર્યકર્તા હરેશભાઈ ગોહિલનો સમાવેશ થાય છે.

# ગીર સોમનાથ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું

ગીર સોમનાથ,તા.૧૧

ગીર સોમનાથ પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કોડીનાર તાલુકાના વડનગર મુકામે આહીર સમાજની વંડીમાં જિલ્લાનું ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેરાવળ, તાલાળા, સુત્રાપાડા, ગીર ગઢડા, ઉના ૧, ઉના ૨, કોડીનાર ૧, કોડીનાર ૨ એમ કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. કોડીનારી બંને ટીમો ફાઈનલમાં સામસામે ટકરાઈ



હતી. આ ટુર્નામેન્ટ માત્ર પ્રાથમિક શિક્ષક સંઘ ગુજરાત દ્વારા આયોજિત ચાણક્ય ટુર્નામેન્ટના નેજા હેઠળ યોજાઈ હતી અને જિલ્લાની એક ટીમ બનાવવા માટે સિલેકશનના ભાગરૂપે પણ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. જેમાં છેલ્લે કોડીનાર એકનો વિજય થયો હતો.

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૯/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. રમાબેન મનુભાઈ સાવલીયા
રહે. ૨૭, ગિરિરાજ હોમ્સ, અતુલ્ય સર્કલ પાસે, નવજીવન ટુ પાસોદરા રોડ, સરથાણા, સુરત-૩૯૫૦૦૬

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી સિમરણ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **દયાબેન મનુભાઇ સાવલીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪** ના રોજ મુ. સિમરણ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

## -/અકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, તાલાલા//-

નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૧૧૭/૨૦૨૪

(૧) શ્રી ગળચર જીવતીબેન વા./ઓ. પોલાભાઈ તે ડો./ઓ. મોરી દેવાતભાઈ રામભાઈ
મુ.આંબળાશ તા.તા.તાલાલા,
જિ.ગીર સોમનાત્થ............ અરજદાર

-//વિરૂધ્ધ//-

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી,
ગ્રામ પંચાયત કચેરી,આબળાશ
તા.તાલાલા..................... સામાવાળા

બાબતઃ- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રી ગળચર જીવતીબેન વા./ઓ. પોલાભાઈ તે ડો./ઓ. મોરી દેવાભાઈ રામભાઈની માતાનું મરણ મુ.આંબળાશ, તા.તાલાલા મુંકામે તા.૧૦/૧૦/૧૯૯૭ના રોજ થયેલ છે. જેની જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના મરણની ગ્રામ પંચાયત કચેરી,આંબળાશ,તા.તાલાલામાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી ગળચર જીવતીબેન વા./ઓ. પોલાભાઈ તે ડો./ઓ. મોરી દેવાભાઈ રામભાઈ, મુ.આંબળાશ, તા.તાલાલા જિ.ગીર સોમનાથ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૨/૨૦૨૫ના રોજ બપોરના ૧૧ : ૩૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવુ અને આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT)અને સમાચાર પત્રમાં પ્રસીધ્ધી કરી સમાચાર પત્ર રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**તાલાલા**

# તેલંગાણામાં બીયરના ભાવમાં ૧૫%નો વધારો : આજથી નવા ભાવ લાગુ

હૈદરાબાદ,તા.૧૧

આજે બીયર પ્રેમીઓ માટે ખરાબ સમાચાર છે. જો તમે પણ બીયર પીતા હો, તો હવે તમારે બીયરની દરેક બોટલ કે કેન માટે ૧૫ ટકા વધુ ચૂકવવા પડશે. હા, બીયરના ભાવમાં સીધો ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. બીયરના વધેલા ભાવ પણ આજથી લાગુ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, સરકારે એક આદેશમાં કહ્યું છે કે આજથી જૂની એમઆરપી વાળી



બિયરની બોટલો અને કેનનું વેચાણ પણ નવા દર મુજબ થશે. જોકે, બીયરના ભાવમાં આ તાજેતરનો વધારો દરેક માટે નથી.ફક્ત તેલંગાણામાં જ બીયરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૩૦/૨૦૨૪

**અરજદાર** :- શ્રી સાવલીયા પ્રભાબેન જેરામભાઈ
રહે. પીર ખીજડીયા, તા. બાબરા, જિ.અમરેલી.

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. હરીપુરા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના હરીપુરા ગામના સાવલીયા પ્રભાબેન જેરામભાઈ તેઓના પુત્ર હરેશભાઈ જેરામભાઈ સાવલીયાની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## :: દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર મનોજભાઈ.એન.દવે એડવોકટ સરનામુ, ઓફીસ દેવ કોર્પોરેટ લીલીયા મોટા, મો.૯૪૨૬૭ ૧૬૪૨૫ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામાં આવે છે. અમારા અસીલની સુચના અને ફરમાઈશ, જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છું.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે :- અંટાળીયાના ખેડ ખાતાનં. ૫૬૬ જેના સર્વે નં.૬૬ તથા રે.સ.નં.૫૦૫ બને કુલ હે. આરે. ક્ષેત્રફળ :- ૪-૪૫-૮૮ ચો.મી.થી નોંધાયેલ જે જુની શરતની છે. જે ખેતીની બિન પીયત જમીન સદરહું જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) હરીદાસભાઈ રણછોડભાઈ દેસાઈ, ૨) વિનુભાઈ રણછોડભાઈ દેસાઈના નામે ચાલી આવેલ છે. મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી. તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં જો કોઈનો વાંધો વિરોધ કે હક્ક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હક્ક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓ એ નીચેનાં સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે. તેમ માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

**સરનામુઃ- દેવ કોર્પોરેટ ઓફીસ**
**ગ્રામ પંચાયત કચેરીની સામે,**
**લીલીયા મોટા - ૩૬૫૫૩૫**

**સહી,**
**લી.આપનો વિશ્વાસું**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૦૯/૨૦૨૫

**અરજદાર** :- શ્રી જયંતીભાઈ શામજીભાઈ રામાણી
રહે. સણોસરા, તા.જિ.અમરેલી.

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સણોસરા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સણોસરા ગામમાં જયંતીભાઈ શામજીભાઈ રામાણી તેઓના પિતાશ્રી શામજીભાઈ કરશનભાઈ રામાણીની મરણ (તા.૨૧/૦૪/૨૦૨૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## :: દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર શ્રીદેવરાજ વી ખાંભલીયા એડવોકટ સરનામુ, ઓફીસ દેવ કોર્પોરેટ લીલીયા મોટા, મો.૮૪૬૦૪૪૮૧૮૨ એ લાગતા વળગતા સર્વેને આ જાહેરનોટીસ થી જાણ/તાકીદ કરવામાં આવે છે. અમારા અસીલની સુચના અને ફરમાઈશજેની આ જાહેર નોટીસ આપી જણાવુ છું.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે :- અંટાળીયાના ખેડ ખાતાનં. ૬૧૧ જેના સર્વે નં.૫૦૪ તથા ખાતા નં.૫૬૨ ના રે.સ.નં.૫૦૩ તથા ૫૦૬ બને કુલ હે. આરે. ક્ષેત્રફળ :- ૪-૪૫-૩૯ ચો.મી.થી નોંધાયેલ જે જુની શરતની છે.જે ખેતીની બિન પીયત જમીન સદરહું જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) રીબડીયા વલ્લભભાઈ જીવરાજભાઈ,૨) વાલજીભાઈ જીવરાજભાઈ રીબડીયા,૩)વસંતભાઈ ભીખાભાઈ રીબડીયા,૪)અજય કુમાર વલ્લભભાઈ રીબડીયા,૫)નિલેષકુમાર વાલજીભાઈ રીબડીયા,૬)પરેશભાઈ વાલજીભાઈ રીબડીયા,૭)ભાવનાબેન ભીખાભાઈ રીબડીયા,૮)કિરણબેન ભીખાભાઈ રીબડીયા,૯)વસંતબેન ભીખાભાઈ રીબડીયા,૧૦)રસીલાબેન ભીખાભાઈ રીબડીયા,ના નામે ચાલી આવેલ છે. મજકુરમિલકત ના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર,માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજમજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક,હીત,હીસ્સો,લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીનેમજકુર મિલકત અમારાઅસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદર હુ મિલકતમાં જો કોઈનો વાંધો વિરોધ કે હક્ક,હીત,સંબંધ,લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ રીતે હક્ક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓ એ નીચે ના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યક્તિ કે સંસ્થા ના કોઈ પણ પ્રકારનો હક્ક,હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે. તેમમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશેઅને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી,જેની જનતાને નોંધ લેવી.

**સરનામુઃ- દેવ કોર્પોરેટ ઓફીસ**
**ગ્રામ પંચાયત કચેરીની સામે,**
**લીલીયા મોટા - ૩૬૫૫૩૫**

**સહી,**
**લી.આપનો વિશ્વાસું**

# મુખ્યમંત્રીના હસ્તે ગાંધીનગરમાં ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી લોન્ચ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી (૨૦૨૫-૩૦)નું ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતેથી લોન્ચીંગ કર્યુ હતુ. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આ જીસીસી પોલિસી રાજ્યમાં હાઈ વેલ્યુ જોબ અને સ્કિલ ડેવલપમેન્ટ તેમજ ઈનોવેશન અને ડિજીટલ ટ્રાન્સફોર્મેશનને પ્રોત્સાહન આપવા



સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ અને કનેક્ટિવીટીમાં વધારો કરીને તેમજ આર્થિક વૃદ્ધિ અને વૈશ્વિક સ્પર્ધાત્મક્તા જાળવી રાખીને ગુજરાતને પસંદગીનું જીસીસી હબ તરીકે સ્થાપિત કરવા તૈયાર કરવામાં આવેલી છે. મુખ્યમંત્રીએ આ પોલિસીનું લોન્ચીંગ ગિફ્ટ સિટીના મેનેજીંગ ડિરેક્ટર તપન રે તેમજ નિતી આયોગના ડિરેક્ટર દેબજાની ઘોષ અને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર તથા આમંત્રીત ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતીમાં કર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ગુજરાતમાં સેક્ટર સ્પેસીફિક પોલિસીઝ ફ્રેમવર્કથી નવા અને ઈમર્જીંગ સેકટરના ઉદ્યોગો માટે સાનુકુળ વાતાવરણ ઉભું કર્યુ છે.

# રાજકોટમાં પત્નીને છેડતી કરવાનાં મુદ્દે બે સગાભાઈઓની કરપીણ હત્યા

રાજકોટ,તા.૧૧

સોમવારે મોડી રાત્રે રાજકોટમાં બેવડી હત્યાના બનાવમાં ચકચાર મચી ગઈ હતી. આર્યનગરમાં છેડતીની શંકામાં બે પરપ્રાંતિય લોકોએ એક જ ઘરમાં મૃતકોને છરીના ઘા મારીને હત્યા કરી હતી. નાના ભાઈનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મોટા ભાઈને ગંભીર હાલતમાં સિવિલ



હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જયાં તેમનું મૃત્યું થયું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે મધ્યપ્રદેશના ઉજ્જૈનના વતની રાજુભાઈ જૈન અને તેમનો પરિવાર રાજકોટના આર્યનગરમાં રહે છે અને ચાંદીના ઝવેરીઓનું કામ કરે છે. હત્યારા છોટુ શંકર ગુપ્તા અને વિજય ગુપ્તા પણ એ જ મકાનમાં રહે છે, જેની નીચે તેમનો પરિવાર રહે છે. છોટુ શંકરને શંકા હતી કે જૈન ભાઈઓ છેલ્લા કેટલાક સમયથી છોટુ શંકરની પત્નીની છેડતી કરી રહ્યા હતા. સોમવારે રાત્રે આ મુદ્દે ફરી ઝઘડો થયો અને અમિત અને વિક્કી જૈનની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી. આ ઘટનાથી જૈન પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ.

# માંગણીઓ સંતોષાતા આરટીઓ ઈન્સપેક્ટરોની હડતાલ સમેટાઈ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૧

રાજયભરમાં આરટીઓના મોટર વાહન વિભાગના ટેકનિકલ ઓફિસર્સ એસોસિએશન છેલ્લા કેટલાક દિવસોથી પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં વિવિધ પ્રકારના વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે. સરકાર દ્વારા જે અધિકારીઓને સમસ્યાઓ ઉકેલવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેઓ કામ પર પાછા ફર્યા છે. આજે બપોરે ૧૨ વાગ્યા પછી એપોઈન્ટમેન્ટ લીધેલા અરજદારોનું કામ આજથી જ રાબેતા મુજબ થશે.

સોમવારે, 'નો લોગિન ડે' ઝુંબેશને કારણે ટેકનિકલ અધિકારીઓ કામ પરથી ગેરહાજર રહ્યા હતા, જેના કારણે એપોઈન્ટમેન્ટ લઈને આવેલા અરજદારોને અસુવિધા થઈ હતી. આજે પણ બધા અધિકારીઓ માસ સીએલ પર જવાની ચીમકી આપી હતી. જોકે, સરકારે સમસ્યાઓનું નિરાકરણ લાવવાનું વચન આપ્યા બાદ તમામ અધિકારીઓ કામ પર પાછા ફર્યા છે.

# આખરે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસનો આઈફોન ચોરી કરનારને પોલીસે ઝડપ્યો

અમદાવાદ,તા.૧૧

રાજપુર પોલીસે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસના બે આઈફોન ચોરનાર વ્યક્તિની ધરપકડ કરી છે. આરોપી રેપિડો કંપનીમાં ટેક્સી ડ્રાઈવર તરીકે કામ કરે છે. તેણે એક ફોન ૭,૦૦૦ રૂપિયામાં વેચ્યો હતો, જે પોલીસે બિહારમાંથી જપ્ત કર્યો છે. આપને જણાવી દઈએ કે ૨૬ જાન્યુઆરીએ ગુજરાત હાઈકોર્ટના



ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ મસૂરી રોડ પર ફૂટહિલ ગાર્ડન ફાર્મ હાઉસમાં લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે દહેરાદૂન આવ્યા હતા. આ સમય દરમિયાન, તેના બે આઈફોન (આઈફોન-૧૩ અને આઈફોન -૧૪) ચોરાઈ ગયા હતા. આમાંથી એક તેમનો અંગત ફોન હતો જ્યારે બીજો ફોન સરકારી ફોન હતો. આ કેસમાં, ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ મૂળચંદ ત્યાગી દ્વારા ૨૭ જાન્યુઆરીએ રાજપુર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. સોમવારે પોલીસે આરોપી ગોવિંદ સાહુની રાજપુર વિસ્તારના ચુક્ખુવાલા ઈન્દિરા કોલોનીમાંથી ધરપકડ કરી હતી.

# સ્ટાફ નર્સ ભરતી પરીક્ષામાં કૌભાંડની આશંકા : તપાસનાં આદેશ અપાયા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં વારંવાર કૌભાંડના સમાચાર સામે આવતા જ હોય છે. ત્યારે આ વખતે સ્ટાફ નર્સ ભરતી પરીક્ષામાં કૌભાંડ થયાની આશંકા સામે આવતા ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. ત્યારે આ સમગ્ર ઘટનામાં જીટીયુના રજિસ્ટ્રારે મોટો ઘટસ્ફોટ કર્યો હતો.

સ્ટાફ નર્સની ભરતી પરીક્ષામાં કૌભાંડ થયાની આશંકા સામે આવી છે. આથી કૌભાંડનો મુદ્દો લઈને તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. પેપર સેર કરનારની ભૂલના કારણે એબીસીડી સિકવન્સ સેટ કરવાનું ભૂલી ગયા હતા. ત્યારે કેટલા ઉમેદવારોએ એબીસીડી સિકવન્સ પ્રમાણે જવાબ લખ્યા છે તેના આધારે કાર્યવાહી કરવામાં આવનાર છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે તપાસ બાદ પેપર સેટ કરનારે કોઈને લાભ થાય તે માટે આ કામ કર્યું હશે તો કાર્યવાહી કરવામાં આવશે.

# સુરતમાં બાળક ગટરમાં પડી જવાના કેસમાં કલમ લગાવવા બાબતે મનપા કર્મચારીઓનો વિરોધ

સુરત, તા.૧૧

સુરતના વરિયાવ વિસ્તારમાં ગટરમાં પડી જતાં બે વર્ષના માસૂમ કેદારનું મોત થયું હતું. જેને લઈને સાપરાધ માનવવધનો ગુનો દાખલ થવા જઈ રહ્યો છે. તો બીજી તરફ પાલિકા દ્વારા ચાર કર્મચારીઓને શો કોઝ નોટિસ પણ ફટકારવામાં આવી છે, ત્યારે આ મામલે આજે ટેકનિકલ સ્ટાફ યુનિયન દ્વારા મુગલીસરા ખાતે એકત્રિત થઈને



પોલીસ કાર્યવાહીને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. ટેકનિકલ સ્ટાફ યુનિયનના પ્રમુખ અજય પટેલે જણાવ્યું હતું કે, આજ રોજ જે વરિયાવની ઘટના બની છે તે મામલે અમે કમિશનર, મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને આવેદન પત્ર આપવા ભેગા થયા. જે ઘટના બની છે તે અકસ્માતે જે દીકરાનું અવસાન થયું છે તેના માટે સુરત મહાનગરપાલિકાના તમામ સ્ટાફ દુખની લાગણી વ્યક્ત કરી છે, અમારી સહાનુભુતી તેમની સાથે છે. પરંતુ પોલીસ તરફથી જે FRI દાખલ કરવામાં આવી છે, જે અરજી કરવામાં આવી છે તેમાં સાપરાધ માનવવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે એની સામે અમારો વિરોધ છે.

# દેવ ગ્રુપની ઈન્કમટેક્સ સમક્ષ ૧૫૦ કરોડના કરચોરીની કબૂલાત

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૧

આવકવેરા વિભાગે અમદાવાદ, જામનગર, મોરબી અને માળિયામાં દેવ ગ્રુપના ૨૦ જેટલા સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરોડામાં કરોડો રૂપિયાના બિનહિસાબી વ્યવહારો બહાર આવ્યા છે અને ૧૫૦ કરોડની કરચોરી પકડાઈ છે. આવકવેરા વિભાગે ૩.૫ કરોડ રૂપિયાની રોકડ રકમ અને અઢી કિલોગ્રામ સોનું જપ્ત કર્યું છે. આવકવેરા વિભાગે ૧૬ બેંક લોકર જપ્ત કર્યા છે અને તેમાંથી ૩ લોકર ઓપરેટ કરવામાં આવ્યા છે. આવકવેરા વિભાગને જમીન ખરીદીના વ્યવહારો અંગે માહિતી મળી છે કે જમીનમાં ૧૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, આવકવેરા વિભાગે લગભગ ૨૦ સ્થળોએ દરોડામાં જમીન ખરીદીના વ્યવહારો અંગે માહિતી મેળવી હતી. દેવ ગ્રુપ અને તેના સહયોગીઓ દ્વારા ઉદ્યોગોને ઉત્પાદિત લિક્વિડ બ્રોમિન કોન્સન્ટ્રેટના વેચાણમાં મોટા પાયે બિનહિસાબી વ્યવહારો મળી આવ્યા છે.

# રાજ્યની આરોગ્ય સંસ્થાઓ માટે રજિસ્ટ્રેશનની સમયમર્યાદા પૂર્ણ થવાને આરે

ગાંધીનગર, તા.૧૧

ધ ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ-૨૦૨૪ હેઠળ રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓએ રજિસ્ટ્રેશન કરાવવાની સમયમર્યાદા પૂર્ણ થવામાં માત્ર એક મહિનો બાકી રહ્યો છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ, અત્યાર સુધીમાં રાજ્યની ૧૬,૯૯૮ આરોગ્ય સંસ્થાઓએ કાયમી અથવા કામચલાઉ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. નોંધણી કરાવનાર સંસ્થાઓમાં ૧,૮૮૨ સરકારી અને ૫,૨૬૮ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૨,૦૨૮ એલોપેથી, ૧,૬૨૨ આયુર્વેદિક તેમજ ત્રણ હજારથી વધુ હોમિયોપેથી હોસ્પિટલ અને ક્લિનિક્સે નોંધણી કરાવી છે. આ ઉપરાંત ૫૬૬ ક્લિનિકલ લેબ, ૨૮૬ ઈમેર્જિંગ સેન્ટર, ૪૦ બ્લડ બેંક અને ૩૯ યુનાની સંસ્થાઓએ પણ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ સમયમર્યાદામાં રજિસ્ટ્રેશન નહીં કરાવનાર સંસ્થાઓ સામે રૂ. ૧૦ હજારથી રૂ. ૫ લાખ સુધીનો દંડ થઈ શકે છે. સંસ્થાઓ https://clinicalestablishment.gipl.in/ પોર્ટલ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ કાયદા હેઠળ એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી અને યુનાની સહિતની તમામ સરકારી, ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક સેન્ટર્સે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

# આજે અમદાવાદમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી વન-ડે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૧

ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કરી રહેલી ટીમ ઈન્ડિયા હવે છેલ્લી મેચ માટે તૈયાર છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની શ્રેણીની ત્રીજી અને છેલ્લી મેચ ૧૨ ફેબ્રુઆરીએ રમાશે. આ માટે ભારતીય ટીમ હવે અમદાવાદ પહોંચી ગઈ છે. આ મેચ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એટલે કે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. આ દરમિયાન ટીમ ઈન્ડિયા



સોમવારે સાંજે અમદાવાદ પહોંચી, ભારતીય ટીમે ત્રણ મેચની વનડે શ્રેણીની પ્રથમ બે મેચ જીતી લીધી છે. હવે રોહિત શર્માની કપ્તાનીમાં ભારતીય ટીમનું લક્ષ્ય આ શ્રેણીમાં અંગ્રેજોનો સફાયો કરવાનું રહેશે. તે જ સમયે, ઈંગ્લેન્ડની ટીમ ઓછામાં ઓછી છેલ્લી મેચ જીતવા માંગે છે, જેથી કરીને તેઓ મનોબળ વધારીને ચેમ્પિયન્સ ટ્રોફી માટે મેદાનમાં ઉતરી શકે.ભારત અને ઈંગ્લેન્ડ માટે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પહેલા પોતાની તૈયારીની કસોટી કરવાની આ છેલ્લી તક હશે. જોકે, ભારત અને ઈંગ્લેન્ડને અલગ-અલગ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. જો બંને ટીમ પોતપોતાની લીગ મેચો જીતીને સેમિફાઈનલમાં પહોંચે છે તો બંને વચ્ચેની મેચ આગળ વધી શકે છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ ઉપરાંત ન્યુઝીલેન્ડની ટીમ ભારતના ગ્રુપમાં છે જ્યારે ઈંગ્લેન્ડને ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાનના ગ્રુપમાં રાખવામાં આવી છે. અહીં છેલ્લી વનડે મેચ વર્ષ ૨૦૨૩માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી. ત્યાર બાદ અહીં વનડે વર્લ્ડ કપની ફાઈનલ રમાઈ હતી. જોકે ટીમ ઈન્ડિયાને હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યાર બાદ હવે અહીં વનડે મેચ રમાવાની છે. ટીમ ઈન્ડિયા અને ઈંગ્લિશ ટીમ અહીં કેવું પ્રદર્શન કરે છે તે જોવું રહ્યું.











